# અધ્યાત્મ



[illegible] ૧૧    જાન્યુઆરી–૧૯૯૧    અંક : ૪

# ભગવાન ભક્તની મા છે.

"તું તારા બાળકનું જતન કરજે" એવું બાળકની માતાને કહેવું પડે જ નહિ. તેના હૃદયમાં પોતાના બાળક પ્રતિ જે સ્વાભાવિક મમતા રહેલી છે, તે મમતા જ તેને બાળકનું જતન કરવાની ફરજ પાડે છે. જેનામાંથી હું ઉત્પન્ન થયો છું તેને માથે જ બધી જવાબદારી છે, એમ સમજીને મારા સંરક્ષણને માટે મારે પોતાને કશી ફીકર-ચિન્તા કરવા જેવું રહ્યું જ નથી.

મા ઘરમાં જે ગળ્યું ગળ્યું ખાવાનું બનાવે છે તે બાળકને તેની પાસે માગવું પડતું જ નથી, પણ મા પોતે જ વગર માગ્યે, તેની આગળ મૂકી દે છે. પોતાના છોકરાને ખવડાવ્યા વગર પોતે એકલાં એકલાં ખાવાથી તેના મનને કદી ચેન પડતું જ નથી. છોકરું શેરીમાં રમતું હોય તો જ્યાં રમતું હોય ત્યાંથી મા તેને ખોળી કાઢીને ઘરમાં તેડી લાવે છે. અને રમતિયાળ બાળકને ધાવવાનું મન ન હોય તો પણ તેને ખોળામાં લઈને પોતાના સ્તને વળગાડી દે છે અને ધવરાવે છે. બાળકના શરીરને જરા પણ દુઃખ થયું હોય તો ભાઠિયામાં ધાણી શેકાય તેમ માનો જીવ શેકાઈ જાય છે. તુકારામ કહે છે કે ભગવાન પણ ભક્તની મા છે અને તે ભક્તની પૂરેપૂરી સંભાળ એક માની જેમ જ રાખે છે.

– સંત તુકારામ

○


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦

વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


**લેખકોને નિમંત્રણ**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**'અધ્યાત્મ' અંગે સૂચનો**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| સહુનાં મા શ્રી સર્વેશ્વરી | આનંદ મધુભાઇ ભટ્ટ | ૯ |
| કબીર–સુધા | પરમાર્થી | ૧૬ |
| મારા ગુરુદેવ (૬) | નારાયણ હ. જાની | ૨૪ |
| સહનશીલતા | પ્રા. શાંતિલાલ મેરાઇ વ્યાસ | ૨૮ |
| પ્રાર્થના | પૂ. મોટા | ૩૧ |
| રામાયણમાં કુટુંબલક્ષી કર્મવાદ (૨) | રતિલાલ ભાવસાર | ૩૩ |
| શ્રીમદ્ ભાગવત વિષે આટલું જાણો (૨) | પ્રા. જનાર્દનભાઇ દવે | ૪૦ |
| ત્રણ દૃષ્ટિ | રણજિત પટેલ (અનામી) | ૪૨ |
| શ્રદ્ધા | ઈશ્વરભાઇ પ્ર. ભક્ત (પરમાર્થી) | ૪૩ |
| કૃપાલુ ગુરુદેવ અને કરુણામયી મા | પિનાકીન ના. જાની | ૪૪ |
| રહેજો | મધુરમ | ૪૯ |
| યોગેશ્વર પ્રભુ દર્શન આપે | – | ૫૦ |
| પૂ. મા–મૌનાવસ્થામાં | શ્રી સુરેશભાઇ શાહ | ૫૨ |
| શ્રી સદ્‌ભાવભરી સહાય | – | ૫૫ |
| ભક્ત–વાત્સલ્યમૂર્તિ શ્રી શ્રી મા શારદા | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ જાન્યુઆરી–૧૯૯૧ અંક : ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**સંવત ૨૦૩૬, આસો સુદ છઠ, તા. ૨૯–૧૦–૮૦ બુધવાર**

**સ્થળ : ઉદયપુરથી ભીમ, (પ્રવાસમાં).**

આજે ઉદયપુરની જ્યોતિ હોટલના આ રૂમમાં ધ્યાન કરી ઉદયપુરના લેક પેલેસ ને જગદીશમંદિરનાં દર્શન કર્યા તે પછી નાથદ્વારા જવા નીકળ્યાં.

રસ્તામાં એકલિંગજી મહાદેવનાં દર્શનમાટે જવાનું બન્યું, પણ અમે ત્યાં એક કલાક વહેલાં હતાં. સાડાદસ વાગ્યે મંદિર ખુલતું હતું. ભગવાન શંકરનાં દ્વાર આઠે પ્રહર ખુલ્લાં હોય છે, એ અહીં ખોટું ઠર્યું. તેથી મંદિરની બહાર જ આંટો મારી પૂ. શ્રી જ પ્રગટ શંકર લિંગસ્વરૂપે છે એમ કહી, સૌ ભક્તોએ પૂ. શ્રીને પ્રણામ કર્યાં. એકલિંગજીથી એજ રોડ પર ડાબા હાથે ૧૬

કિલોમીટર હલદીઘાટ–રાણાપ્રતાપની સાથે સંકળાયેલું ઐતિહાસિક સ્થાન આવેલું છે, ત્યાં જવાનું બન્યું.

રાણા પ્રતાપના ચેતક ઘોડાએ હલદીઘાટથી કુદકો મારી પોતાના માલિકને બચાવવા માટે આ જગ્યાએ પ્રાણ છોડયો. અહીંથી દુશ્મનોએ પીછેહઠ કરી.

સામે ઘોડાનું પૂતળું પણ બનાવ્યું છે. તેની સામે ચેતકનું આરસનું સ્મારક. તેની સામે ચેતક રેસ્ટોરન્ટ છે, જેમાં રાણા પ્રતાપનો ફોટો, યુદ્ધની જગ્યા વગેરે દર્શાવવામાં આવ્યાં છે.

ત્યાંથી અમે સાડા અગિયારે નાથદ્વારા જવા નીકળ્યાં. નાથદ્વારા હલદીઘાટથી માત્ર બે કિલોમીટર દૂર છે.

નાથદ્વારામાં ૧૨ વાગ્યે દર્શન કર્યાં. મંદિરના પ્રવેશદ્વાર ઉપર મોતીમહલ લખ્યું છે. જેથી એ ભવ્ય ઇમારતમાં જાણે કોઇ રાજાના મહેલમાં પ્રવેશતા હોઈએ એવું ક્ષણભર લાગે. વિવિધ રૂમોની વચ્ચે ઘેરાયેલું એ મંદિર વૈષ્ણવોની મુખ્ય જગ્યા છે. સામે જ ગુજરાતી સુરતી ભોજન મળે છે. એથી એ હોટલમાં ભોજન લીધું. ભોજન બહું સારું ન હતું. ભોજન બાદ ગઇકાલની જેમ કુદરતના ખોળે વિશ્રામ લેવાની જ પૂ. શ્રીની ઇચ્છા હતી, જેથી તેની શોધ શરૂ થઇ.

શ્રીનાથજી જેને નાથદ્વારા કહેવામાં આવે છે, ત્યાંથી **અજમેર** તરફના માર્ગે દસ મિનિટ ગાડી ચલાવી. એક ખેતરમાં વૃક્ષને છાંયડે પૂ. શ્રીએ અને સહયાત્રીઓએ આરામ કર્યો. દરેક યાત્રી નિયમિત રીતે નોંધ લખે છે. સહુએ નોંધ લખી આરામ કર્યો.



સામાન્ય રીતે મંદિરોમાં પૂ. શ્રી જતા નથી એ વાત અહીં યાદ આવી. ઉદયપુરના જગદીશમંદિર અને નાથદ્વારામાં શ્રીનાથજીમંદિરમાં પણ પૂ. શ્રી દર્શન માટે ન આવ્યા. સ્વયં જે મંદિરના દેવ બની જાય, તે મંદિરે જાય તો પણ શું, અને ન જાય તો પણ શું?

ત્યાંથી નજીક કાંકરોલીમાં વૈષ્ણવની મહાપ્રભુની બેઠકનાં દર્શનબાદ અજમેર તરફ જવા અમારી ગાડી ચાલુ થઇ.

કાંકરોલી જતા રસ્તામાં પૂ. શ્રીએ બેઠક પર કીડી જોઇ તો પૂ. શ્રી કહે, 'કીડીએ અહીં રીઝર્વેશન કરાવ્યું છે. પૈસા માંગતી નથી. ઉતારો, ભોજન માંગતી નથી. ભલે હરિદ્વાર સુધી આવતી. જુઓ, કીડી જેમ આપણને નાની લાગે તેમ દેવો અને સિદ્ધ પુરુષોની સામે આપણે માનવો કીડી જેવા જ લાગીએ છીએ, પણ આ કીડીની જેમ એ કીડીના સમાજમાં રોબ જમાવતી હશે–જેમ આપણે આપણા ડાયરામાં (રૂઆબ) જમાવીએ છીએને તેમ. વિશાળ સૃષ્ટિમાં માનવ કેટલો ક્ષુલ્લક છે એને તેની ખબર નથી.

**દેવર** થઇ **બ્યાવર** (બીયાવર) જવા માટે નીકળ્યા. વચ્ચે **ભીમ** નામના સ્થાનમાં રોકાવું ફરજીયાત બન્યું. બીજી સાથેની ગાડી બગડી જેથી **ભીમ** ગમે તેવું સ્થાન હોય તો પણ ત્યાં અટકવું એમ નક્કી થયું. બીયાવર કરતાં ભીમમાં સાચે જગ્યા સારી મળી.

પૂ. શ્રીએ દૂધ લીધા બાદ સત્સંગ કરાવ્યો જેમાં પ્રાર્થના, ભજન, ધૂન બાદ નીચે મુજબનો સુંદર વાર્તાલાપ આપ્યો.

ગીતામાં શરીરને યાત્રા નામ આપ્યું. હે અર્જુન! તારી શરીરરૂપી યાત્રા પ્રમાદી બનીને બેસી રહેશે તો પ્રસિદ્ધિ નહિ પામશે. **યાત્રા** શબ્દ પાછળ મંગલતા રહેલી છે. યાત્રા મંગલમય જ હોય છે. મુસાફરીમાં ગમે તે સ્થાન સારું કે ખરાબ, મહિમાવાળું વગરનું, પણ ત્યાં જઇ શકાય. ગમે તે સ્થળની સફર કે ગમે તે સ્થાનનો પ્રવાસ થાય.

યાત્રા–હજની યાત્રા–ધાર્મિક ક્રિયા સાથે સંકળાયેલી છે. રામેશ્વરની યાત્રા–બદરીકેદારની યાત્રા. તો જીવન પણ એક યાત્રા છે. જીવન મંગલ વસ્તુ છે, કલ્યાણકારક છે. યાત્રામાં નીકળતાં શું લઇ જઇશું એ વિચારી આપણે તૈયારી કરીએ. જીવનયાત્રાને સરળ કરવા શું કરવું જેથી યાત્રા સરળ–નિષ્કંટક બની શકે. યાત્રાએ જતાં પહેલાં લક્ષ્ય નક્કી કરીએ. રસ્તાનાં સ્થળો જોઇશું. રહીશું પણ લક્ષ્યમાં પહોંચીશું. રામેશ્વરની યાત્રામાં રામેશ્વર આવે એટલે યાત્રા પૂર્ણ થઇ ગણાય.

જીવનયાત્રા પૂર્ણાહુતિ પર ક્યારે પહોંચે? પોતાના સ્વરૂપને યાત્રી ઓળખી લે ત્યારે. જે સ્થળેથી તે નીકળેલો ત્યાં જ. સદ્ચિદાનંદ સ્થાનમાં, પહોંચે તો યાત્રા પૂર્ણ થઇ ગણાય.

ક્યાં જવાનું છે? મારા જીવનનું લક્ષ્ય સાક્ષાત્કારનું છે. તો લક્ષ્ય પણ પ્રયત્ન અને પ્રયત્ન માટે સાધન જરૂરી છે. બદરીકેદાર રેલ્વે, મોટરમાં, પગે, વિમાનમાં જવું, કેવી રીતે આગળ વધવું, સાધન કયું વગેરે, તેમ જીવનયાત્રા માટે જીવ વિચારે. કયાં સાધનો અપનાવવાં જેથી સહેલાઇથી આગળ વધી શકાય. ભોમિયા જીવનયાત્રામાં જરૂરી છે. પરમને ઓળખવવા ભોમિયા, સદ્ગુરુ, સંત મહાત્માની જરૂર પડે છે.



યાત્રામાં સાથને શોધે. વિચારો, ભાવો, મન મળે એવા સાથીઓથી યાત્રા આનંદમયી બને. જીવનની આ સાધનાયાત્રામાં સાધકો એવા હોય તો આનંદ આવે.

યાત્રામાં વ્યસનો છોડીએ. ન હોય તો બીજા સારા નિયમો લઇએ. પવિત્રતા વધે, જપ વધે તેવું કરીએ. એ રીતે જીવન-યાત્રામાં તપથી, મનોનિગ્રહથી, સંયમથી સંપન્ન થઇ શાંતિ મળે તેવું ધ્યાન રાખીએ.

યાત્રા પવિત્ર પ્રક્રિયા છે. યાત્રા પૂર્ણ થતાં જેમ આનંદ થાય, તેમ જીવનયાત્રા પ્રભુને મળવાથી મેં મારું કાર્ય કરી લીધું. હેતુ–ધ્યેયની પ્રાપ્તિ જીવનમાં કરી લીધી એટલે આનંદ થાય. ભય અને શોકમાંથી મુક્ત થાય.

માતાજીની જીવનયાત્રા પણ મંગલમય હતી. જાગૃતિપૂર્વક, વિવેકપૂર્વક જીવન જીવ્યાં. પવિત્રતા પણ જાળવી. કૃપાને પામવા પ્રયત્ન કર્યો. કૃપા મેળવી પણ ખરી.

યાત્રાને સફળ કરવી કે ન કરવી, તે માનવના હાથમાં છે. માનવમાં રહેલી શક્તિનો સદુપયોગ થાય તો જીવનયાત્રા સફળ થાય. તેના સંદર્ભમાં જોઇએ તો ગીતાનો યાત્રા શબ્દ સૂચક અને પ્રેરક છે.

માણસની સ્મશાનયાત્રા નીકળે ત્યારે જેમ ઓમ બોલી ધ્યાનમાં બેસીએ તેમ ઓ–ઓ કરીએ છીએ. (અભિનય કરી બતાવે છે) ધ્યાનની ક્રિયા દરમ્યાન અશાંતિ મટી જાય. ભેદભાવનું, ક્લેશનું, મરણ થાય. અશાંતિની જનની અવિદ્યાનો પણ અંત આવે, તો તે પોકાર અસ્થાને નથી. એ રીતે પૂ. શ્રીએ જ્ઞાન સાથે ગમ્મત કરાવી.

પૂ. શ્રીએ દેવરથી ભીમ આવતાં જ કહ્યું બ્યાવર કરતાં ભીમમાં જગ્યા સારી મળશે ને સાચે જ આ સ્થાનમાં પ્રવેશતાં પી. ડબલ્યુ. ડી.નું ગેસ્ટહાઉસ જોયું. રહેવાની અનુકૂળતામાં પ્રભુએ મોહનલાલને ઓફિસરની રૂએ નિમિત્ત બનાવ્યા. આ સ્થાનમાં ઉતરતાં જ પૂ. શ્રીએ કહ્યું, "ભગવાન કૃષ્ણનું–ભીમ જ આ રીતે સ્વાગત કરે ને? માતાજી સર્વેશ્વરીને રાધી કહેતાં તે મુજબ ભીમમાં સગવડ સારી જ મળેને!" (માંદગીના બિછાને માતાજીમાં જગદંબાનો પુણ્યપ્રકાશ પ્રકટેલો જણાયેલો જેમાં માતાજી વિવિધ સંબોધનોથી સર્વેશ્વરીને બોલાવતાં, જેમાં રાધી નામ પણ હતું.)

માતાજીનું સ્મરણ કરતાં પૂ. શ્રી પગથિયાં ચઢી અંદર આવ્યા. પોતાની જાતને જાણ્યે અજાણ્યે અવતારી તત્ત્વ સાથે અવતરેલી છે એવા નિર્દેશ પોતે જ કરે છે. સમજનારા શ્રદ્ધાળુ સાધકને તે ઘણી પ્રેરક વાત લાગે છે.

ભીમના શાંત સ્થળમાં સૌ ભક્તો પૂ. શ્રીને પ્રણામ કર્યા બાદ પોતાના અંગત કામોમાં ગુંથાઈ જાય છે.

પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી નોંધ લખે છે. પૂ. શ્રી આજે રેડિયા સાથે સમય મેળવવા બરાબર સવાનવે પોતાનો નાનકડો રેડિયો બેગમાંથી કાઢી વગાડે છે. પોતાના રૂમમાં ખૂબ ધીમેથી વગાડે છે. સમય મેળવી લઈ બંધ કરે છે. હરિઃ ૐ

( ક્રમશઃ )



નાના–મોટા

# સહુનાં મા શ્રી સર્વેશ્વરી

આનંદ મધુભાઈ ભટ્ટ

મેં સાંભળેલું કે પરદેશમાં પૂ. મા સર્વેશ્વરીએ ઘણાં બાળકોને ખૂબ વહાલ કરી જીતી લીધાં. મા જાણે સાચે જ તેમની મા બની ગયાં. તેઓ જ્યારે પૂ. મા પાસે આવે ત્યારે તેમને અચૂક પ્રસાદમાં ચોકલેટ, પીપરમીટ કે ફળફળાદિ મળે. આથી બાળકો ખૂબ ખૂબ રાજી થાય. વળી પૂ. મા તેમની વાતો પણ સાંભળે. બાળકોને તેમનાં મા–બાપ સામે ફરિયાદ હોય તો પણ પૂ. માને વાત કરે. આમ બાળકોને પ્રેમથી પોતાના કરી લીધાં. એટલે કેનેડાથી ઘણાં બાળકોના ફોન અમારે ઘરે આવે તો બાળકો કહે "હે મા, તમે પાછાં ક્યારે આવો છો? તમારા વિના અમોને ગમતું નથી. તમો જલ્દી જલ્દી પાછાં આવો. અમે તમને ભારત લેવા આવીએ? તમો આવો એટલે અમને ફ્લોરીડા લઈ જજો."

આ બધી વાત હું ઘરમાં અને પરદેશથી આવેલ મહેમાનોના મોંઢે સાંભળતો. એટલે મેં પૂછ્યું, "હે મા, આ ફ્લોરીડા શું છે." પૂ. મા કહે, "એ બાળકો માટે સરસ મઝાની ફરવાની જગ્યા છે. તમારે અહીં એવી કોઈ ફરવાની જગા છે?"

મેં કહ્યું, "અહીં પણ એક સરસ બાગ છે. નજીકમાં જ છે. એને નેશનલ પાર્ક કહે છે. એમાં બાળકોને રમવાનાં સાધનો પણ છે. વળી એના સફારી ગાર્ડનમાં સિંહોય છે." મને મનમાં થયું પૂ. મા અમને નેશનલ પાર્ક લઈ જાય તો કેવું સારું! પણ મારાથી સામે ચાલીને એવું થોડું કહેવાય?

વળી એક દિવસ પૂ. માએ તેમના ઉપરનો એક બાળકનો અંગ્રેજીમાં લખેલ કાગળ પણ મને વાંચવા આપ્યો. એમાં એણે લખ્યું હતું "હે મા, હું યોગામૃતનો રોજ પાઠ કરું છું. સત્સંગમાં પણ જાઉં છું ને ધૂન પણ બોલાવું છું. મને ખૂબ મઝા પડે છે. તમે જલ્દીથી અહીં આવજો, હોં."

મને ખબર પડી કે પૂ. માના કહેવાથી ઘણાં બાળકોએ માંસ (Meat) ખાવાનું છોડી દીધું છે. હવે તેઓ રોજ સ્નાન કરે છે ને ભગવાનને પ્રાર્થના પણ કરે છે. પૂ. માએ અંગ્રેજી લિપિમાં તૈયાર કરેલી ખાસ 'યોગામૃત' પુસ્તિકા વાંચે છે. કેવું સરસ!

અમે પણ પૂ. માની સાથે ૧૦૮ પ્રણામ કરવા માંડ્યાં. સાંજે ઘરનાં બધાં સાથે મળી પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. માની આરતી કરવા લાગ્યાં. આરતી પછી હું મારા દાદા–દાદી, માતા–પિતા તેમ જ કાકા–કાકીઓને તેમ જ બધા વડીલોને પગે લાગતો. પૂ. માને આ ગમતું.

આ દિવસોમાં પૂ. માને પાણી વગરના ઉપવાસો ચાલતા. પૂ. મા એક દિવસ ફળ વગેરે લે, પરંતુ બીજો દિવસ પાણી પણ લીધા વગર ઉપવાસ કરતાં. આવું સતત કેટલાય દિવસ ચાલતું રહ્યું. આ જોઇ મને–અને ઘરનાં સર્વેને આશ્ચર્ય થતું. પૂ. માને શારીરિક અશક્તિ લાગતી. તેમને કદીક તાવ પણ આવતો ને કમ્મરના દુઃખાવાની પીડાય થતી. છતાં પૂ. મા જ્યારે વાત કરતાં ત્યારે ખૂબ પ્રસન્ન ને આનંદમાં લાગતાં. પૂ. માને જે દિવસે ફળ દૂધ કે પાણી લેવાનું હોય, ત્યારે પણ તેઓ તે ભૂલી જતાં. એમને યાદ દેવડાવવું પડે. આ માટે મારાં મમ્મીને ઘણી ચિન્તા થતી. પરંતુ પાણી વગરના ઉપવાસના બીજા દિવસે પણ તેઓને



કોઇપણ વસ્તુ લેવાની ઉતાવળ ન થતી. કેવું કહેવાય? આપણને તો કેટલી બધી ઉતાવળ થઇ જાય? આવાં મા જ્યારે પણ કોઇને કંઇ કરવાનું કહેતાં ત્યારે તેને માટે તે કરવાનું સહેલું બની જતું.

પૂ. માએ એક દિવસ પાસે બોલાવી કામ સોંપ્યું, "આનંદ, ચાલ, આ ભગવાનનાં સ્વરૂપો છે. તેમના રંગ ઝાંખા થઇ ગયા છે. એમને પીંછીથી રંગી નાંખ."

અમારા ઘરમાં મારાં મીના કાકી ડ્રોઇંગ ટીચર એટલે રંગ અને પીંછીઓ હતી જ. વળી પૂ. માએ કેનેડાનાં બધા બાળભક્તો માટે નાના રૂમાલો ઉપર ફૂલોના ગુચ્છો દોરાવી Maa લખાવેલું. તથા મારી બેન તેજલ પાસે કલાકો સુધી બેસીને દરેક બાળભક્તને એક એક પત્ર અંગ્રેજીમાં લખાવ્યો. અરે પેલા રાજુભાઇના વાજીંત્રના શોખીન પુત્ર વિરલમાટે એક ઢોલકું પણ શ્રી જયંતીકાકા સાથે છેક કેનેડા મોકલાવ્યું. મારાં કાકીની ચિત્ર-કળાની આવડત પૂ. માને ખૂબ ગમતી. પૂ. મા માટે તેઓ સરસ ઓસીકાઓના ગલેફ બનાવતાં, તો સરસ ચિત્રામણવાળી એક થેલી પણ બનાવી. પૂ. મા મારાં કાકીને વઢતાં ને કહેતાં શરીર દૂબળું કર. "જા આજથી મગના પાણી પર ઉપવાસ કર. દિવસ-માં એકવાર મગનું પાણી લેજે. મગ લાવે પગ. શરીર દૂબળું થાય તો તારું શરીર સારું લાગશે." કહી વિનોદ પણ કરી લેતાં.

મારા કાકીને પૂ. મા ઉપર ખૂબ શ્રદ્ધા. તેમણે કહ્યું, "મા, તમે કહો છો એટલે રહેવાશે. બાકી મારાથી આમ ભૂખ્યા ના રહેવાય."

અને મારા કાકી નિશાળેથી આવી પૂ. માને પગે લાગવા રોજ સાંજે આવે ત્યારે પૂ. મા કહેતાં, "મીના, હવે તું દૂબળી

પડવા માંડી. જો તારું બ્લાઉઝ ઢીલું પડવા માંડયું." આમ મા એમને પ્રોત્સાહન આપતાં ને એમનું મનોબળ વધારતાં.

કાકીને પહેલા બે દિવસ નબળાઇ લાગી. પણ પછી તેમનું શરીર ને મન મગના પાણીને અનુકૂળ થઇ ગયાં. લગભગ પંદર દિવસ કાકીએ મજબૂત મનથી આ પ્રયોગ કર્યો ને ખરેખર તેમનું શરીર દૂબળું થયું. આ જોઇ અમને બધાંને આશ્ચર્ય થતું.

પૂ. મા મારા મમ્મી સાથે ઘણો વિનોદ કરતાં. તે તેમની સેવામાં રાતદિવસ ખડેપગે રહેતી. પૂ. માની બેલ વાગે કે 'નીલા' બૂમ પડે તો તે દોડીને તરત હાજર થઇ જતી. પૂ. માની સેવામાં તેને આનંદ લાગતો.

મારા કાકા પ્રકાશભાઇ પણ પૂ. માનું બહારનું બધું કામ સંભાળતા. તેઓ પરદેશના કે દેશના મહેમાનોને સ્ટેશને કે વિમાનઘર પહોંચાડવામાં ખરીદી કરી લાવવા કે પૂ. માના કોઇ પણ કામ માટે ખડે પગે તૈયાર રહેતા. કદી કંટાળતા નહિ. પૂ. મા પણ તેમને ખૂબ પ્રેમથી પાસે બોલાવતાં ને વિવિધ કામો વિષે તેમનો અભિપ્રાય પૂછતાં ને જરૂરી સૂચનાઓ આપતાં. પૂ. માની બહાર જવા–આવવાનાં વાહનોની બધી વ્યવસ્થા તેઓ સરસ રીતે કરતા. તેમાં શ્રી અનિલભાઇ, યોગેશભાઇ ને દીપેશ તથા મારા કાકા અનિલભાઇ પણ મદદરૂપ થતા.

મારા પિતાજી બહુ ઓછા બોલા. તેઓ તો બેંકમાં નોકરી કરે એટલે સાંજે આવે. પૂ. માના ટેલિફોન કે સંદેશા પહોંચાડવાનું કામ તેઓ સારી રીતે કરતાં.

મારા જ્યોતિ કાકી અમારા રસોડાની જવાબદારી સંભાળતાં. પૂ. મા કહેતાં, "જ્યોતિ, તું આ જવાબદારી સંભાળે છે એટલે જ



આ નીલા અમારી સેવામાં રહી શકે છે. એનું પુણ્ય તને પણ મળશે. ચિન્તા ન કરતી." પૂ. મા એમ કહી હસી પડતાં ને સહુનો થાક ઉતારી દેતાં.

કોઇ કામ જલ્દી ન થાય તો પૂ. માને ન ગમે. કામ જલ્દી થવું જોઇએ. પૂ. માનો એવો આગ્રહ રહે. કામમાં ઢીલા માણસો માને ન ગમે.

એક દિવસ પૂ. માએ પ્રકાશકાકાને બોલાવી ખાનગીમાં સૂચના આપી. "એક બસ કરી લાવો—નેશનલ પાર્ક જવા." કાકા તો તરત ઉપડયા, પણ બસનો મેળ ન ખાધો. એટલે કાકા પાછા આવ્યા. તો પૂ. માએ કહ્યું, "અરે, બસ ન મળી તો કંઇ નહિ, ટેક્સીઓ કરી લાવો."

કાકા તુરત જ ચાર ટેક્સીઓ કરી લાવ્યા. અને પૂ. માએ જાનીકાકા, પિનાકીનભાઇ, પૂજા ને હરિચંદ્રકાકાને ત્યાંથી ફોન કરી જે મળ્યાં તેમને બાળકો સાથે બોલાવી લીધાં.

વૈભવ, તેજલ, બીજલ, પૂજા, જાગ્રત, હીરલ, સહુ બાળકોને પૂ. મા નેશનલ પાર્ક લઇ જઇ રહ્યાં છે એ જાણી નાચી ઊઠયાં. તેઓએ કૂદાકૂદ કરી મૂકી. નાનો વૈભવ પૂ. માને કહે, "ત્યાં તો સિંહ છે, પણ સિંહ ઉપર બેઠેલાં મા અમને જોવાં બહુ ગમે." મને પણ ખૂબ આનંદ થયો. મારી ભાવના પૂ. મા જાણે પૂરી કરી રહ્યાં હોય એમ લાગ્યું.

પૂ. માએ બધાં છ બાળકોને પોતાની ગાડીમાં બેસાડયાં. ને બીજાં બધાં બાકી ત્રણ ટેક્સીઓમાં ગોઠવાયાં. ક્રિસ્ટમસની રજાઓ હોવાથી બાગમાં ઘણી ગીરદી હતી. પરંતુ અમે એક સારી એકાંત જગામાં ગોઠવાઇ ગયાં.

મારા દાદા શ્રી હરગોવિંદભાઈએ કહ્યું "અમે તો વીસ વર્ષ પહેલાં અહીં આવેલા. ત્યારે આમાંનું કશું ન હતું. અહીં તો ઘણા ફેરફારો થઈ ગયા છે." મેં પણ સફારી બાગના સિંહ જોયા ન હતા. એટલે એક આખી બસની ગોઠવણ શ્રી પ્રકાશ કાકાએ કરી. બસની બારીઓને લોખંડની મજબૂત જાળીઓ હતી. પૂ. મા સાથે સફારી બાગમાં સિંહ જોવાની ખરે જ મઝા પડી. બે સિંહ તો રસ્તામાં અમારી બસ આગળ જ આવીને ઊભા. તેમાંનો એક બેસી ગયો. જાણે બન્ને પૂ. માના દર્શને આવ્યા ન હોય એમ નિશ્ચિંત બનીને બેઠા. આ ઉપરાંત બીજા ત્રણચાર સિંહ–સિંહણો પણ અમે દૂરથી જોયાં. વનના ખુલ્લામાં ફરતા સિંહો જોવાની અમને બધાંને ખૂબ મઝા પડી.

પૂ. મા સાથે સિંહ જોવાનો આનંદ ખૂબ આવ્યો. પછી પૂ. માએ એક સરસ એકાંત જગામાં વિશ્રામ કર્યો. પ્રકાશકાકા પૂ. મા માટે ખુરસી ને બેઠકની સામગ્રી લાવેલા. એટલું જ નહિ અમારા સહુ માટે બીસ્કીટ, પફ્ કોર્ન, ચોકલેટ તેમ જ બધાં મોટાંઓ માટે પેટીસ ને કચોરી પણ. મને એ જોઈ આનંદ થતો કે પૂ. મા કોઈને ભૂલતાં નહિ. સહુને પૂ. માએ ભરપેટ નાસ્તો કરાવ્યો. જંગલના એકાંતમાં પૂ. મા સાથે બેસવાનો આ મારો પહેલો જ અનુભવ હતો. મને ખૂબ આનંદ આવ્યો. બાળકો ખૂબ નાચ્યાં, કૂદ્યાં. આમ પૂ. માએ પરદેશનાં બાળકોને જેવો આનંદ કરાવેલો એવો જ આનંદ અમનેય કરાવ્યો. બદલામાં પૂ. મા બાળકો પાસેથી શું માગે? ખબર છે?–"રોજ કેટલી માળા કરો છો? કોના જપ કરો છો?" પૂ. મા બાળકોના જીવનમાં ભગવાનના કોઈ પણ સ્વરૂપનો પ્રવેશ થાય એ જ ઇચ્છે છે.



પૂ. મા મારા દાદા–દાદીને પણ સામેથી બોલાવી પાસે બેસાડતાં ને પૂ. ગુરુદેવ અને અન્ય સંતોની વાતો કરતાં.

આમ અમો સહુને લાગતું કે પૂ. મા અમોને જ પ્રેમ કરે છે, અમારાં છે, પરંતુ એમના વર્તન ઉપરથી એવું લાગતું કે પૂ. મા સહુનાં છે ને સહુને સરખો પ્રેમ કરે છે. પૂ. મા જેવી સર્વને કશા બદલાની ઇચ્છા વગર પ્રેમ કરનારી વ્યક્તિ આ દુનિયામાં ક્યાંથી જડે? મારું એ સૌભાગ્ય છે કે પૂ. મા મારે ઘરે ઉતરે છે ને અમો સહુને સત્સંગ કરાવી પ્રભુપંથે વાળે છે.

પૂ. માના આવવાથી અમારા ઘરનું વાતાવરણ જ બદલાઈ ગયું છે. ઘર–ઘર નથી રહ્યું. પ્રભુનું મંદિર બની ગયું છે, એનો મને આનંદ છે–શ્રી કૃપાળુ માનો જય હો. મારા પૂ. દાદા–દાદીના આશીર્વાદથી જ પૂ. ગુરુદેવ અને પૂ. મા સાથેનો અમારો સંપર્ક રહી શક્યો છે, એ વાત મારાથી શી રીતે ભૂલાય? એમને પણ મારા વંદન હો.


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
**મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત – ૩૯૫ ૦૦૭.**

# કબીર-સુધા

**પરમાર્થી**

ગુરુ કુમ્હાર સિષ કુભ હૈ ગઢ ગઢ કાઢૈ ખોટ,
અન્તર હાથ સહાર દૈ બાહર બાહૈ ચોટ.

"ગુરુ તો કુંભાર છે ને શિષ્ય તો ઘડો છે. ઘડાને ઘાટ આપતી વખતે કુંભાર ઘડાની ખામીઓ દૂર કરવા વારંવાર ટીપે છે. ટીપતી વખતે પોતાનો એક હાથ અંદરની બાજુએ રાખીને આધાર આપે છે ને બહારની બાજુએ બીજો હાથ ટપારા મારી મારીને સુંદર આકાર દેવાનો પ્રયત્ન કરે છે."

ગુરુને કુંભારની ઉપમા આપી તે તો સરળતાથી સમજી શકાય એમ છે. કુંભાર પોતે તો ચેતનસ્વરૂપ છે જ અને તે પોતાની ચૈતન્ય શક્તિને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં નિયોજે છે. તેથી બ્રહ્મને પણ આપણા શાસ્ત્રકારોએ કુંભારની ઉપમા આપી છે. આ દૃષ્ટિએ કુંભારની સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગુરુના નવનિર્માણના કાર્યનો મહિમા કરવામાં આવ્યો છે તે સૌ કોઈને પ્રથમ નજરમાં જ સમજાય જાય છે. પરંતુ શિષ્યને ઘડો કેમ કહ્યો? તે પોતે તો ચેતનસ્વરૂપ જ છે! ઘડો તો જડસ્વરૂપ જ છે. શિષ્ય દેહભાવમાં જ જીવતો હોવાથી તે પોતાના અસલી સ્વરૂપને ભૂલી જાય છે. પોતે જડસ્વરૂપ છે તેવું ગણી તે સાવ અજ્ઞાન અવસ્થામાં જીવે છે. આ રીતે શિષ્યની જડવત્ અજ્ઞાન અવસ્થાનો નિર્દેશ ઘડાના રૂપકમાં સમાય જતો હોવાથી ગુરુ શિષ્યના સંબંધને વિશિષ્ટ રીતે સમજવામાં ઉપયોગી બને છે.



કુંભાર ઘડાનો આકાર આપે તે પહેલાં માટીને ખૂબ કેળવે છે. માટીમાં ભળેલાં નકામાં તત્ત્વોને પાણીમાં રગદોળી છૂટાં પાડી દે છે. પછી ઘણા સમય સુધી તેને છૂંદી છૂંદીને ભીની અવસ્થામાં રહેવા દે છે. પછી લોંદો તૈયાર કરી ચાકડા પર ચઢાવે છે. કુંભાર આ પ્રક્રિયા ન કરે તો લોંદાને ઘડાનો આકાર આપવામાં નિષ્ફળતા મળે. તેથી માટીની કેળવણી પ્રથમ તબક્કે અનિવાર્ય બની જાય છે. "ગઢ ગઢ કાઢૈ ખોટ" શબ્દોમાં શિષ્યની પૂર્વ અવસ્થા સરસ રીતે અભિવ્યક્ત થઈ છે. ખોટ એટલે ખામીઓ-ત્રુટિઓ. પાર્થિવ પદાર્થોની વિષય મોહિનીમાં મન નિમગ્ન રહે છે. તેની પ્રાપ્તિની ઝંખના દિનપ્રતિદિન વધતી જાય છે. ધીમે ધીમે મન વિવેકજ્ઞાન ભૂલતું જાય છે. વિવેકજ્ઞાન વિનાની અવસ્થા જડવત્ અવસ્થા ગણાય. તે અવસ્થામાં અગાઉ મનમાં ઝીલેલાં-ગ્રહણ કરેલાં બિનજરૂરી સંસ્કારોની છાપ શિષ્યને જકડી રાખે છે. તે સંસ્કારો દૂર ન થાય ત્યાં સુધી મન ક્ષમતાવાળું બની શકતું નથી. બલકે વધુને વધુ નિર્બળ બનતું જાય છે. તેવું મન બહિર્મુખી હોય છે. સુખ બહારથી જ મળશે એવી આશામાં નિરર્થક પ્રયત્નો કર્યા કરતું હોય છે. જો શિષ્ય સાવધાન બને, જાગૃત થઈ જાય, તો ગુરુના ઉપદેશથી જપ, માળા, ધ્યાન, ભજન, સત્સંગ, સ્વાધ્યાય જેવાં સાધનોથી પોતાના મનમાં પડેલી બિનજરૂરી સંસ્કારોની છાપને તે ભૂંસી શકે છે. પોતાના મનને અંતર્મુખી બનાવી ક્ષમતાવાળું પણ બનાવી શકે છે. ગુરુ ઘણા લાંબા કાળસુધી શિષ્યની મનોદશામાં સમૂળગું પરિવર્તન આણવા જુદા જુદા સાધનોનો સમુચિત ઉપયોગ કરવા મથે છે ને સફળ પણ થાય છે. આ રીતે કુંભાર જેમ માટીમાં ભળેલાં ભલતાં જ તત્ત્વોને જુદી જુદી યુક્તિઓથી માટીમાંથી છૂટાં પાડી માટીને શુદ્ધ બનાવી દે છે તેમ ગુરુ શિષ્યના મનમાં ભળી ગયેલાં બિનઉપયોગી દુર્ભાવોને,

સંસ્કારોને, જુદી જુદી યુક્તિઓથી દૂર કરી મનને શુદ્ધ બનાવી દે છે.

પરંતુ મનની શુદ્ધતા કંઇ સરળતાથી પ્રાપ્ત થતી નથી. અનેકવારના પ્રયત્નો કર્યા પછી પણ સ્હેજ ભૂલ થતાં શિષ્ય નીચે પડી જતો હોય છે. ફરીથી તેણે સાવધાનીપૂર્વકના પ્રયત્નો કરવા પડે છે. વારંવારના પુરુષાર્થ પછી જ તેને સફળતા સાંપડે છે. "ગઢગઢ" શબ્દો એ રીતે વારંવારના પુરુષાર્થની આવશ્યકતાને ધ્વનિત કરે છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં વપરાયેલા शनैः शनैः શબ્દો અહીં યાદ આવ્યા વિના રહેતા નથી.

મન આ ચંચલ જાય છે અનેક વિષયો માંહ્ય,
વાળી પાછું જોડવું તેને આત્મા માંહ્ય.
કરતાં એમ થઇ જશે મન આત્મામાં શાંત,
સુખ ઉત્તમ ત્યારે થશે, દોષ થશે સૌ શાંત.

(સરળગીતા અ૦ ૬)

અર્થાત્ કવિ દલપતરામ કહે છે તેમ કરોળિયાની માફક વારંવાર ભોંય પર પડે તો પણ ઉંચી અવસ્થા પ્રાપ્ત કરવા શિષ્યએ જાગૃતપણે પ્રયત્નો ચાલુ રાખવા પડે જ છે. ફરી ફરીને કરેલા યત્નો શિષ્યને સફળતાની મંઝીલ સુધી પહોંચાડી દે છે. પ્રયત્નો તો શિષ્યએ જ કરવાના છે, ગુરુ તો માત્ર યુક્તિ પ્રયુક્તિ બતાવીને મદદરૂપ બને છે એટલું જ! આ રીતે સદ્ગુરુ કબીર સાહેબ "ગઢ ગઢ કાઢૈ ખોટ" શબ્દો દ્વારા શિષ્યને અગત્યનો બોધ આપી દે છે.

શિષ્યનું મન ક્ષમતાવાળું બને પછી જ તેને આધ્યાત્મિક લાભ મળ્યા કરે તે માટે ગુરુ શિષ્યની ખાસ સંભાળ રાખતા થઇ



જાય છે. શિષ્યમાં પ્રમાદની માત્રા ન વધે, અહંકાર આદિ ભાવો જોર નહીં પકડે અને કોઇ પણ પ્રકારે તેનું પતન ન થાય તેની કાળજી ગુરુ ગુપ્તપણે રાખતા હોય છે. આવી પ્રક્રિયાનું ચિત્ર કબીર સાહેબે બીજી પંક્તિમાં ખૂબ જ સરસ રીતે રજૂ કરી દીધું છે.

માટીના લોંદાને ઘડાનો આકાર આપવા માટેનો કુંભારનો પ્રયત્ન ખૂબ જ યુક્તિપૂર્વકનો હોય છે. ચાકડા પર ગોળ ગોળ ફરતા માટીના લોંદાને કુંભાર એક હાથે આધાર પૂરો પાડી બીજે હાથે તેને ટીપતો હોય છે. જેમ જેમ આકાર મળતો જાય છે તેમ તેમ તે સુંદર ને સુઘડ બને તેની કાળજી કુંભારના બંને હાથો નિયમિત રાખતા હોય છે. કુંભાર પ્રવીણ ન હોય તો કદાચ ઘડાનો આકાર લાવી શકે પણ સુંદર ને સુઘડ તો ન જ બનાવી શકે. બેડોળ ઘડાની તો કાંઇ કિંમત જ હોતી નથી. સુંદર ને સુઘડ ઘડાનું મૂલ્ય બજારમાં પ્રાપ્ત થાય છે, કારણ કે જે પાણીથી માટી પલળી જતી અને તેમાં કણ કણ છૂટાં થઇ જતાં તે જ માટી કુંભારની પ્રવીણતાને કારણે પરિપક્વ એટલી હદે થાય છે કે અંદર પાણી ભરી મૂકવામાં આવે તો પણ કણ કણ તો છૂટા પડતાં જ નથી! દિવસો સુધી પાણી ભરી રાખી શકાય છે. બાકી બેડોળ ઘડો તો બિનઉપયોગી જ ઠરે છે. તે જ રીતે કાચો ગુરુ હોય તો શિષ્યની અવદશા થાય છે. પૂર્ણ ગુરુ શિષ્યની સર્વ પ્રકારે સંભાળ રાખે છે તેથી શિષ્યનો ઉદ્ધાર થઇ શકે છે. તેવા ગુરુ ધારે ત્યારે મૃદુ પણ બને છે ને ધારે ત્યારે કઠોર પણ બની શકે છે. કબીર સાહેબે "સહાર" શબ્દ દ્વારા ગુરુના કોમળ ને પ્રેમાળ સ્વભાવને વ્યક્ત કર્યો છે ને "બાહૈ ચોટ" શબ્દો દ્વારા ગુરુના સખત ને કઠોર સ્વભાવને દર્શાવી દીધો છે.

મને પૂજ્ય યોગેશ્વરજીના આ બંને પ્રકારના સ્વભાવનો અનુભવ અમેરિકામાં થયો હતો. અમારો નિવાસ ત્યારે શ્રી ભગવાનજીની "અલોહા" મોટેલમાં હતો. અલોહા મોટેલના કમ્પાઉન્ડમાં સાંજને સમયે થોડા આંટા મારવાની મોકળાશ મળતી. ત્યારે મહાત્માજી સાથે હું પણ આંટા મારતો. દરરોજ લગભગ અરધો કલાક આ રીતે ચાલવાની કસરત થતી. આંટા મારતા મારતા પૂજ્યશ્રી મારા પર અત્યંત પ્રેમ વરસાવતા. જ્ઞાનની અવનવી વાતો ખૂબ જ વાત્સલ્ય ભાવથી શીખવતા. મારા સારા વિચારોને અને ગુણોને મધુરતાથી પોષતા. એટલું જ નહીં પણ તેનું સંવર્ધન થાય તેની કાળજી પણ લેતા.

એક દિવસ વ્હેલી સવારથી જ મારું મન ઘરે ભાગી જવા માટે વિચાર કરવા લાગ્યું. ઘરની ચિંતા મન પર એવી સવાર થઇ ગઇ કે ઘર સિવાય કાંઇ જ યાદ ન આવે. તે દિવસે મારા નિયમો રસ વગરના બની ગયા. પૂજ્યશ્રી દરરોજ બપોરે ૧૧–૩૦ કલાકે બહાર નીકળતા. તે પહેલાં કદી પણ મને રૂમમાં બોલાવ્યો નહોતો. પરંતુ તે દિવસે મને સવારે નવ વાગ્યે જ રૂમમાં બોલાવ્યો. હું તેવા વ્યાકુળ મનવાળો તેમની પાસે પહોંચી ગયો ને બારણું બંધ થતાં જ મારા પર તેઓ મા કરતાં પણ વધારે વાત્સલ્યની અમીધારા વરસાવવા લાગ્યા. મારી આંખમાં આંખ પરોવી કહેવા લાગ્યા, "ચિંતા થાય છે? ઘર યાદ આવે છે? અહીં મારી પાસે એ ચિંતા મૂકી દો ને જાવ–કામે લાગો! શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃતનું સંકલન કરી "અધ્યાત્મ"માટે નારણભાઇને મોકલી આપો!" ખરેખર, તે જ ક્ષણે પૂજ્યશ્રીએ મારી ચિંતા હરી લીધી અને મારા હૃદયને ઉલ્લાસથી ભરી દીધું. હું તો દૂર રહેતો હતો છતાં પૂજ્યશ્રીને મારી મનની સ્થિતિનો કેવી રીતે ખ્યાલ આવી



ગયો હશે તેનો આજે વિચાર કરું છું ત્યારે સમજાય છે કે તેઓ એક સમર્થ ગુરુ હતા. પૂજ્યશ્રીનો તે પ્રેમાળ મધુર સ્વભાવ યાદ કરીને આજે પણ મારું હૃદય અવનવીન પ્રેરણાઓથી સભર બની જાય છે. કોઇ કાચો ગુરુ હોત તો મારી મનોદશા દૂર રહીને જાણી શકત નહીં અને તે સ્થળ છોડી હું ભાગી જ ગયો હોત!

આ રીતે પૂજ્યશ્રીને બિલકુલ નજીકથી જોવાની ને જાણવાની મને પોણા બે મહિના સુધી એકધારી સુંદર તક મળી હતી. આ પોણા બે મહિનામાં પૂજ્યશ્રીએ દરરોજ શ્રી ભગવાનજીભાઇ તથા કંચનબહેનને રાતે સૂતા પહેલાં સત્સંગ કરાવવાનું કામ મને સોંપી સરસ કેળવણી આપેલી. દરરોજ જે જે મુદ્દાઓ પર સત્સંગ થતો તે તે મુદ્દાઓ પૂજ્યશ્રી સહજ રીતે બપોરની બેઠકમાં ફરીથી સમજાવી દેતા તેથી આશ્ચર્ય પણ થતું. પૂજ્યશ્રી કેવી રીતે એ મુદ્દાઓ જાણી જતા તેનો ખ્યાલ ન તો મને હતો કે ન તો શ્રી ભગવાનજીભાઇને હતો! પણ તે ચમત્કારિક ઘટનાથી અમને ત્રણે જણાને પૂજ્યશ્રીના સામર્થ્યનો વધુ ને વધુ પરિચય થતો જતો હતો. વળી તે ઘટનાથી શ્રી ભગવાનજીભાઇને તથા કંચનબહેનને મારી વાતો આધારભૂત જણાવા લાગી હતી.

અમે ફરતા ફરતા 'સાનએન્ટોનિયો' શહેરમાં પહોંચ્યા. તે દિવસે રાત્રે શ્રી ભગવાનજીભાઇએ ભસ્ત્રિકા પ્રાણાયામ વિગતે જાણવાની હઠ પકડી. ભસ્ત્રિકા પ્રાણાયામની સામાન્ય માહિતી તો મેં આપી પણ તેટલાથી તેમને સંતોષ થયો નહીં. મેં એથી વિશેષ જણાવવાની પણ ના પાડી. તેઓ તો હઠે ચડયા. ઘણા સમયના કાલાવાલા પછી મેં એમને વિશેષ વિગતે વાતો કરીને સમજાવી. જાતે પ્રયોગ પણ કરી બતાવ્યો. નાના સરખારૂમમાં જાણે

વાવાઝોડું સર્જાયું હોય તેવો તેમને ભાસ પણ થયેલો. તેમને તે દ્વારા સંતોષ થતાં અમે સૂઇ ગયેલા.

સવારે નવ વાગ્યે પૂજ્યશ્રીએ અમને બંનેને બોલાવ્યા. અમે સત્વરે તેમની પાસે પહોંચી ગયા ત્યારે તરત જ તેમણે રાતે શો સત્સંગ કરેલો તે શ્રી ભગવાનજીભાઇને પૂછીને જાણી લીધું હતું. શ્રી ભગવાનજીભાઇએ નિર્દોષભાવે બધી હકીકત કહી સંભળાવી હતી. તરત જ મહાત્માજીની આંખ મારા તરફ ફરી. નારાજ થયેલા હોય તેમ તેમણે મને સખત રીતે ઠપકાર્યો. મારા અહંકારને બરાબર તેમણે ઠેસ મારી. ક્ષણભર તો મને કાપો તો લોહી ના નીકળે તેવી દશા થઇ ગઇ! કોઇ પણ પ્રારંભિક દશાના સાધકને પ્રાણાયામની વિગત કહેવી નહિ ને સમજાવવી નહીં એવો તેમનો આગ્રહ હતો. મને કડક શબ્દોમાં નીચેની ત્રણ સૂચનાઓ આપી હતી:–

(૧) કોઇ પણ પ્રારંભકને પ્રાણાયામની વિશેષ માહિતી શીખવવી નહીં.

(૨) જમ્યા પછી પ્રાણાયામ કરવો નહીં ને કરાવવો પણ નહીં. માત્ર ભૂખે પેટે કરેલો પ્રાણાયામ જ ઉત્તમ ગણાય!

(૩) બપોરે ધ્યાનમાં બેસવું, પણ પ્રાણાયામ કરવો નહીં ને કરાવવો પણ નહીં. જમ્યા પછી ત્રણ કલાક વીત્યા બાદ જરૂર પડે તો હળવો પ્રાણાયામ કરવો ને કરાવવો.

આ ત્રણે સૂચનાઓ ખરેખર તો આજે તમામ સાધકોએ ધ્યાનમાં રાખવા જેવી છે. તે દિવસે મેં પૂજ્યશ્રી સમક્ષ ખૂબ પ્રસ્તાવો જાહેર કરેલો. મેં ભૂલ કબૂલેલી ને ક્ષમા પણ માંગેલી. પૂજ્યશ્રી તો ક્ષમાના સાગર હતા. તેમણે તરત જ મને ફરીથી



પ્રેમથી ભીંજવી દીધો હતો. પૂજ્યશ્રી આ રીતે એક હાથે ટપલી પણ મારતા જતા ને બીજે હાથે આધાર પણ દેતા હતા!

મારા કુળગુરુ કબીર સાહેબ છે ને મારા જ્ઞાનગુરુ પૂજ્ય યોગેશ્વરજી છે. બંનેના સમય વચ્ચે લગભગ સાડા પાંચસો વર્ષનો ગાળો છે. છતાં ઘણીવાર આ બંને મહાપુરુષોની પ્રતીતિ મને એકમેકની વાણીમાં થયા કરે છે તે કયા શબ્દોમાં વર્ણવું? યોગેશ્વરજીની વાણીમાં કબીરસાહેબની અને કબીરસાહેબની વાણીમાં યોગેશ્વરજીની પ્રતીતિ જ્યારે જ્યારે થાય છે ત્યારે ત્યારે મારું હૃદય આનંદવિભોર બની જાય છે. આ સાખી તેનો પૂરાવો છે.

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# મારા ગુરુદેવ (૬)

નારાયણ હ. જાની

શ્રી યોગેશ્વરજીએ વડોદરાના નિવાસ દરમ્યાન યોગનો અભ્યાસ કરવાનું વિચાર્યું. આની ખબર, ૧૯૪૧ ના ફેબ્રુ. માં લગ્ન પછી હું એક રાત, વડોદરા તેઓની પાસે રહ્યો, ત્યારે પડેલી.

મુંબઈમાં પણ યોગનાં આસનો વગેરે તેઓ શીખેલા. તે પછી આગળની ષટ્ક્રિયાઓ શીખવાનો તેઓશ્રીનો પ્રયત્ન હતો. વડોદરાના એક યોગાશ્રમમાં તેઓશ્રીને આ તક મળી. જીવન-તીર્થજી સ્વામી પાસે તેઓ વજ્રોલીની ક્રિયા શીખેલા.

જીવનના છેલ્લા દિવસ સુધી શ્રી યોગેશ્વરજી નિયમિત યોગાસનો કરતા. સવારના તેઓશ્રીના કાર્યક્રમમાં ધ્યાનના જેટલું જ મહત્ત્વ શરીરના આરોગ્ય માટે આવશ્યક એવાં આસનોને પણ આપવામાં આવતું. હળવા પ્રાણાયામ, થોડીક મુદ્રાઓ, અને મહત્ત્વનાં પંદર–વીસ આસનો, આરોગ્યની સાથે સાથે, પ્રભુ-ભજન અને ધ્યાનમાં મદદરૂપ હોવાનું તેઓશ્રી માનતા, એટલે જ તેઓશ્રીની ધ્યાનશિબિરોમાં, તેમનો સમાવેશ પણ અચૂકપણે કરવામાં આવતો.

**પ્રથમ અનુભવ 'ભગવાન બુદ્ધનું દર્શન'**

ધ્યાનના ઊંડા અભ્યાસના પરિણામે કે પૂર્વજન્મના સુસંસ્કારોને લીધે, અગત્યનો કહી શકાય એવો આધ્યાત્મિક અનુભવ શ્રી યોગેશ્વરજીને વડોદરામાં થયો. આ અનુભવની વાત



મેં તેઓશ્રીના શ્રીમુખેજ સાંભળેલી.

એક સાંજે તેઓશ્રી ધ્યાનમાં બેઠા હતા. આંખો બંધ હતી. હજુ સંધ્યાનો પ્રારંભિક અંધકાર પથરાયો ન હતો. કાતરિયામાં પણ થોડું અંધારું હતું. બત્તી કરવામાં આવી ન હતી. અચાનક ધ્યાનમાંથી જાગૃત થતાં ને આંખ ખોલતાં એક અદ્દ્ભુત દૃશ્ય તેઓશ્રીએ જોયું. પહેલાં તો તેઓ કલ્પી શક્યા નહિ કે જે જુએ છે તે સાચું છે. પોતાની સંપૂર્ણ જાગૃત અવસ્થા અંગે પણ પૂરી ખાત્રી કરી લીધી. આમ છતાં. જે દેખાતું હતું તે સત્ય હતું. ખુલ્લી આંખે જોઇ શકાતું હતું, એટલે તેને માન્યા સિવાય છૂટકો ન હતો.

પોતાથી થોડે દૂર, જમીનથી અદ્ધર 'ભગવાન શ્રી બુદ્ધ' ધ્યાનમાં બેઠેલા દેખાયા. તેઓની આંખો બંધ હતી. પીળાં વસ્ત્રો પહેરેલાં હતાં. તેઓશ્રીની આસપાસ તેજનું વર્તુલ હતું. તેમ જ ઓરડાના એ ભાગમાં પ્રકાશ પથરાઇ ગયો હતો. બુદ્ધ ભગવાનના પ્રચલિત ફોટાઓમાં દેખાતા સ્વરૂપ જેવું જ તે હતું. પરંતુ એક બીજો ચમત્કાર પણ દેખાવા માંડયો. આ સ્વરૂપના મધ્યભાગમાં એક પછી એક અક્ષરો લખાતા અને ભૂંસાતા જતા હતા. આમ પાંચ અક્ષરો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે લખાયા ને પછી ભૂંસાઇ ગયા. આ અક્ષરો હતા 'યુગાવતાર.'

પાંચથી સાત મિનિટ આ દૃશ્ય રહ્યું. પછી ધીરે ધીરે પ્રકાશ ઝાંખો થતો ગયો ને છેવટે ભગવાન શ્રી બુદ્ધની આકૃતિ પણ, બેઠેલા હતા ત્યાંજ ઝાંખી પડતી ગઇ અને અંતે અદૃશ્ય થઇ ગઇ. કહો કે તીરોધાન થઇ ગઇ. ફરી એકવાર કાતરિયામાં પૂર્વવત્ અંધકાર વ્યાપી ગયો.

આ અનુભવે, શ્રી યોગેશ્વરજીને ખૂબ પ્રોત્સાહિત કર્યા. આવો

આ પહેલો જ અનુભવ હતો અને તે પણ ખુલ્લી આંખે. જે રીતે તે અનુભવાયો, તેનો સવિશેષ આનંદ હતો. જો કે ભગવાન બુદ્ધની પ્રતિમા ઉપર આલેખાયેલા 'એ અક્ષરોનો ભાવાર્થ' તેઓ સમજી શક્યા નહિ. તેનાથી શું અભિપ્રેત હતું, તે સમજાયું નહિ.

### પ્રાણાયામ

વડોદરાના વસવાટ દરમ્યાન એક બીજી ઉલ્લેખનીય હકીકત પણ બની. આ વાત, પણ તેઓશ્રીએ જ મને જણાવેલ.

શ્રી યોગેશ્વરજીની ઇચ્છા પ્રાણાયામ જેવી યોગિક ક્રિયાઓની મદદથી આગળ વધી. સમાધિ પ્રાપ્ત કરવાની હતી. પરંતુ એના જાણકાર સિવાય કોણ શીખવી શકે! વળી એના જ્ઞાતાનો સહેલાઇથી મેળાપ થવો પણ મુશ્કેલ! આથી તેઓ જગદંબાને પ્રાર્થના કરતા.

આ અરસામાં તેઓશ્રીને એક અજાણ્યા બાળક મારફત જાણવામાં આવ્યું કે તે વખતના વડોદરાના શહેરી વિસ્તારથી થોડે દૂર રણમુક્તેશ્વર મહાદેવમાં એક સંન્યાસી રહે છે. તેઓશ્રીનું નામ **શ્રી શાંતાશ્રમ** છે અને પ્રાણાયામ તેમ જ યોગિક ક્રિયાઓના તેઓ સારા જાણકાર છે.

શ્રી યોગેશ્વરજી તેઓની પાસે ગયા. પોતાની ઇચ્છા જણાવી. તેમની જીજ્ઞાસા અને ઉત્સાહ જોઇને, આ ક્રિયાઓ શીખવવા શ્રી શાંતાશ્રમ મહારાજ સંમત થયા.

ખેચરી મુદ્રાની આ ક્રિયામાં જીભને ઉલટી કરી તાળવામાં વાળવાની હોય છે. જો તે ટૂંકી હોય તો, નીચેના ભાગમાં તે તાળુમાં જ્યાં જોડાએલી છે, ત્યાં કાપ મૂકી, તેનું પ્રતિદિન દોહન



કરવાનું હોય છે. પરિણામે જીભની સ્થૂલતા ઘટે છે ને તે લાંબી થતાં તાલુપ્રદેશના દ્વાર સુધી સરળતાથી પહોંચી શકે છે.

પરંતુ આ ક્રિયા અનુભવી સિવાય કરાવવી હિતાવહ નથી.

સંન્યાસી મહારાજે શ્રી યોગેશ્વરજીની જીભ પણ ધીરે ધીરે તાલુ પ્રદેશમાંથી કાપવાનો પ્રારંભ કર્યો. આ સમય દરમ્યાન, મીઠું, મરચું ને તળેલી વસ્તુઓ ખાવા પર પ્રતિબંધ હતો. કેવળ ગાયનું દૂધ ને ભાત ખાઇ શકાતો.

શ્રી યોગેશ્વરજીએ પણ પૂરા ઉત્સાહથી આ ક્રિયા શીખવામાં રસ દાખવ્યો. આમ છતાં, જીવનમાં સાત્ત્વિક મૂલ્યોના સદાય પક્ષપાતી હોવાથી, તેઓ આવી ક્રિયાઓ દ્વારા સમાધિની પ્રાપ્તિ માટેના હિમાયતી નથી બન્યા. કારણ કે આવી ક્રિયાઓવડે પ્રાપ્ત થતી સમાધિના અંતે પણ સાત્ત્વિક યોગી કે ભક્તના સ્વભાવમાં દેખાતું પરિવર્તન આવતું નથી.

શ્રી યોગેશ્વરજી પહેલેથી જ આત્મનિરિક્ષણ, આહાર અને વ્યવહારની શુદ્ધિવડે મનને ચોખ્ખું કરવા ઉપર ભાર મૂકતા આવ્યા છે. તેઓ માને છે કે સંકલ્પ–વિકલ્પોથી રહિત થએલું મનજ, સ્વાભાવિક રીતે ધ્યાન અને સમાધિ માટેની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરે છે. એટલે જીવનમાં જેઓ સાચી આત્મિક શાન્તિનો અનુભવ કરવા માંગતા હોય, તેઓએ પોતાના જીવનને શુદ્ધ કરવા ઉપર વિશેષ ભાર મૂકવો જોઇએ.

( ક્રમશઃ )

# સહનશીલતા

પ્રા. શાંતિલાલ મેરાઇ વ્યાસ

સહનશીલતા—સહન કરવાની શક્તિ એક સદ્‌ગુણ છે. પણ સહન શું કરવાનું છે? સહન કરવાની છે વિપત્તિને, સહન કરવાનાં છે દુઃખોને, સહન કરવાનાં છે કોઇના કડવાં વેણોને, કોઇના ધિક્કારને, કોઇની ઉપેક્ષાને. આવા પ્રસંગોમાં માણસ અકળાઇ જાય છે, ઉશ્કેરાઇ જાય છે, ભાંગી પડે છે. પણ અકળાઇ, ઉશ્કેરાટ કે ભાંગી પડવું એ કંઇ ઉકેલ નથી. આમ થવાથી તો ઉલટો મનનો બોજ વધે છે. આવે વખતે સહનશીલતાનો ગુણ બળ આપે. સહનશીલતા માણસને વિપરીત પરિસ્થિતિમાં ટકી રહેવાનું બળ આપે છે, ઝઝૂમવાની શક્તિ પણ આપે છે. આથી જ વર્ષો પહેલાં કવિ બાલાશંકરે કહ્યું હતું "ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સ્હેજે."

દક્ષિણ આફ્રિકામાં ટ્રેનમાં ગાંધીજી ઉપર ગોરાઓએ દમન ગુજાર્યું. ગાંધીજીએ ઉશ્કેરાટ વગર એ સહન કર્યું. એમની આ સહનશીલતા આગળ ઉપર એમને અહિંસક સત્યાગ્રહની શોધ તરફ દોરી ગઇ. માનવજાતને દમન—શોષણના પ્રતિકાર માટે એક નવો રાહ મળ્યો. મહાકવિ મિલ્ટને તેમના 'પેરેડાઇઝ રીગેઇન્ડ'નામના કાવ્યમાં આવા મતલબનું કહ્યું છે : 'જેઓ ઉત્તમ રીતે પીડાઓ સહન કરે છે, તેઓ ઉત્તમ આપે છે.' રશિયાના કાર્લમાર્કસે ગરીબીની યાતનાને તીવ્રપણે સહન કરી. આ સહનશીલતાએ જગતને 'સામ્યવાદ'નામની એક નવી વિચારસરણી આપી. રશિયામાં જેને કારણે પછીથી ક્રાંતિ થઇ શકી.



પ્રહ્‌લાદે પિતા હિરણ્યકશ્યપના કરેલા જુલ્મોને સહન કર્યાં. આખરે એની ભક્તિ, એની સહનશીલતા નૃસિંહાવતારનું નિમિત્ત બની. પ્રહ્‌લાદ ભક્ત પ્રહ્‌લાદ કહેવાયો.

સ્ત્રીઓ તો સ્વભાવે જ સહનશીલ હોય છે. આવી સહનશીલતા સ્ત્રીઓમાં ન હોત તો ઘણા ઘરસંસાર ઉજડી ગયા હોત. સતીત્વના આદર્શ તરીકે સીતાને શા માટે મૂકવામાં આવે છે? એની ગજબની સહનશીલતાને કારણે. વનવાસ, રાવણ દ્વારા અપહરણ, ધોબીની ટીકાને કારણે બીજી વારનો વનવાસ, એ વનવાસ પૂરો થયા પછી વળી અગ્નિકસોટી. એક જન્મમાં સીતાએ કેટલું સહન કર્યું છે!

સંસ્કૃતમાં એક સુભાષિત છે :–

"सुखमापतितं सेव्यं, दुःखमापतितं तथा,<br>चक्रवत् परिवर्तन्ते दुःखानि च सुखानि च।"

આવી પડેલું સુખ સહન કરવું જોઇએ. આવી પડેલું દુઃખ પણ સહન કરવું જોઇએ. દુઃખ અને સુખ ચક્રની જેમ ફરતાં રહે છે. અહીં પણ વાત સહનશીલતાની જ કહેવાઇ છે.

કલાપીએ 'વિધવા બહેન બાળાને'નામનું એક કાવ્ય લખ્યું છે. સ્ત્રીના જીવનમાં વૈધવ્ય એ મોટું દુઃખ હોય છે. વિધવા થયેલાં બહેન બાળાને અનેક રીતે આશ્વાસન કરતાં કવિ એક પંક્તિમાં કહે છેઃ–'વ્હાલી બાળા! સહન કરવું એ ય એક લ્હાણું!' કવિ અહીં જાણે કે સહનશીલતા દ્વારા આપત્તિને અવસરમાં ફેરવી નાંખવાની શીખ આપે છે.

સહનશીલતા એક સદ્‌ગુણ છે, પણ લાચારીપૂર્વકની સહનશીલતા માણસને ઢીલો કરી દે, તેની પ્રતિકાર શક્તિનો નાશ કરે, તેને ગુલામ બનાવી દે. પાંગળા બનવા સહન નથી કરવાનું, મજબૂત બનવા સહન કરવાનું છે. સમજણપૂર્વકની સહનશીલતાનું હું ગૌરવ કરું છું.

(સૌન્ય : આકાશવાણી, અમદાવાદ વડોદરા)

## પ. પૂ. ડોંગરેજીને શ્રદ્ધાંજલિ

પ. પૂ. ડોંગરેજી મહારાજનો સ્વર્ગવાસ નવે. '૯૦ માં થયો. તેઓશ્રીએ ગુજરાતની જનતાને ભાગવતની કથાનો ભક્તિભાવપૂર્વક રસાસ્વાદ કરાવ્યો. પોતે સંવેદનશીલ ભક્ત હોવાના પરિણામે તેમની કથા પણ લોકોના હૃદય સોંસરી ઉતરી જતી અને ભગવાન કૃષ્ણની લીલાઓના શ્રવણમાં શ્રોતાઓ તરબોળ બની જતા. એમનું જેવું જીવન હતું તેવું જ કવન હતું. ગુજરાતના આ સાચા ભક્ત કથાકારની ખોટ વર્ષો સુધી સાલશે એમાં કોઇ શંકા નથી. જીવતાં જ તેઓએ પ્રભુમાં તદ્રૂપ બનીને શાન્તિ પ્રાપ્ત કરેલી, એવા એક ભક્ત પુરુષને માટે આપણે શું શાન્તિ પ્રાર્થી શકીએ ! તેઓ શાન્તિમાંજ પ્રતિષ્ઠિત હતા.

ભાગવત્ પ્રેમી

○



# પ્રાર્થના

પૂ. મોટા

પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું એવું પ્રાર્થનામાંથી મળી રહે છે. જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય તો. જેમ શરીર સાફ રાખવા સારું નિયમિત નહાવાનું છે, તેમ અંતઃકરણને સ્વચ્છ ને શુદ્ધ રાખવામાટે પ્રાર્થના છે. પરંતુ તે સ્વયંઉર્મિથી ને ભાવનાથી થવી જોઇએ. પ્રાર્થના જીવનને તેજસ્વી બનાવે છે. પ્રાર્થના એ કંઇ લૂલી લૂલી લાગણીની વ્યક્તતા નથી, પરંતુ લાગણીને યોગ્ય પ્રકારનો આકાર આપવાનું એ તો એક ઉત્તમ સાધન છે. પ્રાર્થનાના એકધારા ભાવભીના અભ્યાસથી કર્મોમાં દોષો ઓછામાં ઓછા થતા હોય છે; તેથી જીવનમાં સદ્‌વિચારોની પ્રેરણા પણ સાંપડે છે.

કોઇની સેવા કરવી, સદ્‌વર્તાવ કરવો, સત્કર્મો કરવાં, સદાચારીને પરોપકારી રહેવું ને થવું એ બધી પ્રાર્થનાની જ એક પ્રકારની રીત છે, પરંતુ આપણા માર્ગમાં સૌથી વધુ ઊંડી અસર કરે એવી પ્રાર્થના તે ઈશ્વરનું ધ્યાન, મનન, ચિંત્વન છે. પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઇશે. તે વિના તેમાં સાચો ઉઠાવ પ્રગટી શકતો નથી. પુરુષાર્થથી બનવા કાજે ઘણો કાળ લાગે અને કોઇક વાર તો અશક્ય જેવું લાગે, તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું તેવું થઇ જતું ઘણાંએ અનુભવેલું છે.

પ્રાર્થના જેવું ચેતનવંતુ ને બળવાળું બીજું કોઇ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદે ને આર્દ્રભાવે જે

જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરતી નથી, એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. પરંતુ જીવની કેવી લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી સૂઝતું જ નથી. કોઇક જીવ કરે છે તો તે કેવી લૂલી લૂલી, પ્રાણ વિનાની. જ્યારે કંઇક સાચી ગરજ જાગે, કંઇક ઊંડું દર્દ થાય, ત્યારે જે પ્રાર્થના થાય છે તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે. એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે તે વેળાની પ્રાર્થનાનો ભાવ વળી કંઇ ઓર હોય છે. પ્રાર્થના સરળ, સહજ ને ઉત્તમ સાધન છે.

બાળકને જોતાં એના જેવી નિર્દોષતા જીવનમાં પ્રગટો, કોઇ પ્રેમી, ખરા હૃદયના પ્રેમભાવવાળું જોઇએ તો એમના જેવો ખરેખરો પ્રેમ પ્રભુ પરત્વે આપણા જીવનમાં પ્રગટો, કોઇ કાર્યનિષ્ઠ, કાર્યરત જીવને જોઇએ તો એના જેવી લઢણ આપણા ધ્યેય પરત્વે આપણને પ્રગટો, કોઇ સાધુ પુરુષને જોતાં એમના જેવી સાધના કરવાની તીવ્ર તત્પરતાવાળી ભાવના અને શક્તિ તથા એવું ઓજસ આપણામાં પ્રભુકૃપાથી પ્રગટો, કોઇ નિર્મળ ભાવવાળાં બહેન કે મા જોઇએ તો એમના જેવી નિર્મળતા આપણામાં પ્રગટો, કોઇ નૈસર્ગિક સુંદર દૃશ્ય જોવાતાં એના જેવો પ્રભુનો આવિર્ભાવ આપણામાં ઉદ્ભવો, વેગવંતી નદીને જોતાં એના જેવા ઉત્સાહ અને ઉન્માદથી અવિરતપણે ધસારાબંધ જેમ પોતાના ધ્યેય પ્રતિ ધસ્યાં કરે છે, તેવું આપણા જીવનમાં થાઓ, એવા એવા અનેક જીવનમાં મળતા પ્રસંગોમાં અને દૃશ્યોમાં એવો ભાવ જાગૃતિ રાખીને, પ્રકટાવીને, હૃદયમાં કેળવીને, ધ્યેયના હેતુને ફળાવવા અર્થે તે તે પ્રકારની હૃદયથી પ્રાર્થના કરવી તે પણ એક મોટું સાધન છે. હરિઃ ૐ ■



# રામાયણમાં કુટુંબલક્ષી કર્મવાદ (૨)

(નવે. '૯૦ ના લેખના અનુસંધાનમાં) **રતિલાલ ભાવસાર**

(૩)

'રામકથા'નો એક આગળનો પ્રસંગ જોઇએ. રામના વનગમન પછીની વાત. મોસાળથી અયોધ્યા આવેલા ભરતે, કૈકેયીના ઉત્પાતની વાત સાંભળીને ભારે વજ્રાઘાત અનુભવ્યો!

કૈકેયીને મળતાં, ભરતે તેના વિચાર–વર્તનને અને તેની બધી યોજનાને કઠોર અને કટુ શબ્દોમાં તુચ્છકારી કાઢી. તેની ભયંકર ભૂલ બતાવી, ત્યારે જ કૈકેયીની સૂધ–બૂધ ઠેકાણે આવી. પોતાની બધી જ ગણતરીઓ અને ધારણાઓથી સાવ ઊલટું– એવું ભરતનું મનોવલણ જોતાં કૈકેયીને પોતાની સજ્જડ ભૂલથાપ સમજાઇ, તે શિયાવિયા થઇ ગઇ. તેનો અંતરાત્મા ડંખવા લાગ્યો! ધ્રુસકે ધ્રુસકે રડતી જ રહી! દિલમાં પસ્તાવાની પારાવાર લાગણીઓ ઊભરાવા લાગી! એ લાગણીઓએ ધીરે ધીરે એના ઓધરાળા અંતરને અજવાળવા માંડયું! અંતર સાફ અને સ્વચ્છ થવા મથવા લાગ્યું!

ત્યારે, આ તરફ —

ભ્રાતૃપ્રેમી ભરતે બગડેલી બાજી સુધારવાનો દૃઢ સંકલ્પ કર્યો. રામચંદ્રજીને કોઇ ને કોઇ રીતે મનાવી–સમજાવીને અયોધ્યા પાછા બોલાવવાની વિશાળ યોજના ઘડી. આ હેતુથી ઊપડતા જનસમૂહમાં કૌશલ્યા અને સુમિત્રાની સાથે, કૈકેયી પણ સામેલ હતી. અરે! 'રામકથા'માં કહેવાયું છે કે પોતાના દુષ્કર્મની દારુણ

મનોવ્યથામાં—અને કરી બેઠેલી ભૂલ સુધારવાની તત્પરતામાં એ તો સૌથી પહેલી રથમાં બેસી ગઇ હતી!

અહીં આપણને એની અંદરનો આત્મપરિતાપ જોવા મળે છે. પશ્ચાત્તાપની પાવકજ્વાળામાં તેનાં પાપ—તાપ બળતાં અને ભસ્મ થતાં વરતાય છે.

પેલી પ્રખ્યાત પંક્તિ છે ને :

"હા, પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે!
પાપી તેમાં ડૂબકી દઇને, પુણ્યશાળી બને છે!"

પર્વતની માફક, જીવનમાં પણ ઊંચાઇ અને ઊંડાણ એક સાથે જ જોડાયેલાં હોય છે એ ભૂલવા જેવું નથી! ખીણમાં થઇને ટોચે જઇ શકાય!

* * *

'રામકથા' આગળ ચાલે છે.

ચિત્રકૂટ પર્વતની તળેટીમાં રામ, ભરત અને અન્ય સૌનો મેળાપ થાય છે. હૈયું ભરાઇ આવે અને આંખો ભીની થાય એવો હૃદય—દ્રાવક એ પ્રસંગ છે. મેળાપના પ્રસંગનું આલેખન કરતાં 'રામકથા'માં કહેવાયું છેઃ—

પ્રથમ રામ ભેંટી કૈકેયી,
સરલ સુભાય ભગતિ મતિ ભેઇ।
પગ પરિ કિન્હ પ્રબોધુ બહોરી,
કાલ કરમ બિધિ સિર ધરિ ખોરી॥

માનવપરીક્ષક અને વિવેક, વિનય અને કરુણાની સજીવ મૂર્તિ સમા રામ, પહેલપ્રથમ કૈકેયીમાતાને મળ્યા અને વહાલથી



ભેટયા! પોતાના સહજ-સરળ કોમળ સ્વભાવથી અને ભક્તિભાવથી કૈકેયીના વિક્ષુબ્ધ મન—હૃદયને સાન્ત્વન આપ્યું. તેના ચરણ આગળ બેસી કાળ, કર્મ અને વિધાતાની ગતિવિધિને સમજાવતાં કહે છેઃ—

સપનેહુ દોષક લેસુ ન કાહૂ,
કરમ બિબસ સુખ—દુઃખ છતિ લાહૂ।
કઠિન કરમ ગતિ જાન બિધાતા,
જો સુભ—અસુભ સકલ ફલદાતા॥

'સ્વપ્ને પણ હું કોઇને દોષ દેતો નથી! સુખ—દુઃખ, લાભ—હાનિ આ બધું કર્મને આધીન છે! શુભ—અશુભ કર્મની ગતિવિધિ વિધાતા જાણે છે! કોઇને પણ ક્યાંય અન્યાય ન થાય એ રીતે સારાં—માઠાં ફળ આપનાર પણ એ જ છે!'

આમ, રામચંદ્રજી દેખીતી રીતે ઊલટો પાસો પાડનારી કૈકેયીનો દોષ જોતા નથી—તેમ જ મનમાં પણ એવી કશી કડવાશ રાખતા નથી. કિન્તુ, પૂર્વકર્મોનું ફળ કે વિધિની વક્રતા અને વિડંબનાને જ આગળ ધરી કૈકેયીના કરતૂકને કેવળ નિમિત્તકારણ ગણે છે.

ભરત સાથે વાર્તાલાપ કરતાં પણ રામચંદ્રજી કહે છેઃ—

કાહુ ન કોઉ સુખદુઃખ કર દાતા,
નિજ કરમ કૃત ભોગ સબુ ભ્રાતા।
અસ બિચારી નાહિ કીજિઅ્ રોસુ,
કાહુહિ બાદિ ન દેઇઅ્ દોસુ॥

'હે ભાઇ! કોણ કોને સુખ—દુઃખ આપવાવાળું છે? સંસારમાં સૌ કોઇ પોતપોતાનાં કર્મોને જ ભોગવે છે! આવું

વિચારી, કોઇના પર રોષ કરવો જોઇએ નહિ–તેમ કોઇનો નકામો દોષ પણ કાઢવો જોઇએ નહિ!

'શ્રી રામચરિતમાનસ'ના આ કથનમાં બહુ ઊંડો અર્થબોધ સમાયો છે. બીજાંઓ થકી આપણે દુઃખી થઇએ છીએ એ માન્યતામાં વિચારદોષ છે. માન્યતાની આવી પકડથી તો બીજાંઓ સાથે વધારે અવરોધ ઊભા થાય છે– અને દુઃખનો ભાર વધે છે.

આપણે અગાઉ જોઇ ગયા તે હકીકતને અહીંયાં ફરીથી દોહરાવીને જરાક જોઇ જઇએ કે, સુખી કે દુઃખી થવાપણાની મૂળ પાયાની ગ્રહણ–ધારણ ભૂમિકા આપણી અંદર–આપણી જાતમાં જ રહેલી છે, તત્ત્વજ્ઞાન ઉપરાંત આધુનિક મનોવિજ્ઞાનનાં સંશોધનો અને પરીક્ષણો પણ સાબિત કરે છે કે : 'આપણાં સુખના કે દુઃખના સર્જક આપણે પોતે જ છીએ!'

માથે આવી પડતી સ્થિતિ–પરિસ્થિતિ હંમેશાં અંદરથી જ સર્જાતી આવે છે. અને, એ માટે વ્યક્ત–અવ્યક્ત કક્ષાના આપણા વિચારોની ક્રિયાશીલતા અને તેને અનુસરતાં કર્મ–આચરણ કારણ–રૂપ છે.

ઘટનાચક્રમાં બીજાંઓ તો બહારની સપાટીએ માત્ર નિમિત્ત–રૂપ સાધન (Instrument) બન્યાં હોય છે–એટલું જ! જે લોકો આવા સ્થૂલ કે ઉપલક નિમિત્તને જ કર્તા માની બેસે, તે લોકો અંદરની ખરી વાસ્તવિક હકીકત જાણતા નથી.

પૂર્વે બાંધેલાં સારાં–નરસાં કર્મો માટે માણસ પોતે જ જવાબદાર છે. અને, એનાં જે–તે ફળ–પરિણામ ભોગવ્યા વગર એનો છૂટકો નથી! ભોગવી લેવાથી જ પૂર્વકર્મોનું નિવારણ થાય કે 'નિર્વાણ' થાય, મોટા સમ્રાટને કે સંત–મહાત્માને પણ પૂર્વકર્મો



ભોગવવાં પડે. રામાયણમાં દશરથ રાજા એનું સચોટ દૃષ્ટાંત છે.

આવાં પૂર્વકર્મો ભોગવવામાં એટલું ચોક્કસપણે સમજવાનું કે, જે ભોગવ્યું તે ફરી ભોગવવાનું નથી–અને નહિ કરેલું કોઇ કાળે આગળ આવવાનું નથી. જે વાવ્યું ન હોય તે ઊગવાનું ક્યાંથી?

કર્મના આ સમગ્ર માહોલમાં એક વસ્તુ ખરી કે, નવાં કર્મની યુક્તિ–પ્રયુક્તિથી 'સુગરકોટેડ ક્વીનાઇન'ની માફક, પ્રારબ્ધનાં એ દુઃખ–કષ્ટની કઠિનતાને હળવી (Mild) કરી શકાય. આ એક તરીકો છે. આ વ્યવહારિક સત્ય એનાં બધાં પાસાંઓથી સારીપેઠે સમજી લેવાય, તો દુઃખનો કોયડો અડધોઅડધ ઉકલી જાય.

ઝીણવટથી વિચારીશું તો જણાશે કે, દુઃખ આખરે તો મનની એક સ્થિતિ છે. દુઃખ જો જ્ઞાન–ભાનપૂર્વક ભોગવાય–તો એમાંથી નીતિરીતિપૂર્વકનું શુદ્ધ સદાચારી જીવન જીવવાનું એક નવું દૈવત ઊભું થાય.

બીજા શબ્દોમાં કહીએ તો, પ્રારબ્ધવશાત્ આવી પડતાં દુઃખ–કષ્ટ પરત્વેની દૃષ્ટિ અને દિશા બદલી, એને જીવનનું મંગલમય તપ બનાવી શકાય. જીવનવિકાસની એક શાન્ત સાધનામાં એને ફેરવી શકાય. 'શ્રી રામચરિત' એનું જ્વલંત ઉદાહરણ છે.

સમજીએ તો, વર્તમાન જીવનની લીટી પૂર્વકર્મો અનુસાર, ભૂતકાળ અને ભવિષ્યકાળ—એમ બંને બાજુએ લંબાયેલી છે. વર્તમાનનાં નવાં ક્રિયમાણ કર્મોની અંતર્ગતતામાં માણસે ભૂત-કાળના પ્રારબ્ધની તડકી–છાંયડી ભોગવવાની છે–અને તેની સાથે

સાથે કોઈ જાતનાં કાંટાળાં બીજારોપણ ન થાય એની સતત સાવધાની અને જાગૃતિ રાખવાની છે. અને એ રીતે, સદ્‌વિચાર, સદ્‌વૃત્તિ અને સત્કર્મ દ્વારા જીવનક્રમને નવો ઝોક આપી આગળનું ભાગ્ય અને ભવિષ્ય ઘડવાનું છે.

ખરું જોતાં, ભૂતકાળને ભોગવવા કરતાં વર્તમાનને ખેડવાનો વ્યાપ અને વિસ્તાર અનંતગણો વધારે છે. તો, સામે પક્ષે, એને પહોંચી વળવા માટે ઈશ્વરે ઇચ્છાશક્તિ અને કર્મ–સ્વાતંત્ર્યના અધિકાર સાથે અખૂટ એવું આત્મઐશ્વર્ય દરેકમાં મૂકેલું જ છે.

વેદગ્રંથોમાં આત્માને 'सत्यकाम–सत्यसंकल्प' કહ્યો છે. એટલે કે આત્મશક્તિના સામર્થ્ય વડે માણસ થવા ધારે તે થઈ શકે–અને કરવા ધારે તે કરી શકે!

આ જીવનસત્ય જગતના સર્વ સંત–મહાત્માઓએ જુદા જુદા શબ્દોમાં ઉચ્ચાર્યું છે.

મનુષ્યમાત્રમાં, કર્મનાં ઊમડઘૂમડ આવરણોથી દબાઈ–ચંપાઈને પડેલી આત્માની આ અવિનાશી દિવ્યતા જ્યારે જાગ્રત થાય છે–બેઠી થાય છે, ત્યારે તે હાથ લાંબો કરીને જે શુભ છે, સાચું છે, કલ્યાણકારી છે તેને સજ્જડ રીતે પકડી લે છે!

માનવીની આંતર્‌ચેતનાનો આ ગુણધર્મ છે, સૃષ્ટિના સર્જનહારનો આ કાયદો છે.

એટલે જ કહેવાય છે કે : ઈશ્વર જે કરે તે સારાને માટે!' કર્મને ન્યાયે, ઘટ સાથે ઘડાયેલા સંબંધોના સંયોજનમાં ઈશ્વરની ઈચ્છાનો અને એના આદેશનો રણકાર સૌને સ્પષ્ટપણે સંભળાય છે. એ इच्छा અને आदेशने માનવીએ મસ્તક નમાવવાનું!



લોહી, લાગણી અને લેણદેણપૂર્વકના સંબંધો ફરતે વીંટળાયેલી વાસ્તવિકતાઓ વચ્ચે રહેતાં રહેતાં, દરેક જણ પોતાનું વ્યક્તિગત એવું આગવું—અને તેની સાથે સાથે 'કૌટુમ્બિક પરસ્પરતા'નું ભાગ્ય અને ભવિષ્ય ભોગવે છે. દરેકને પોતાની જિંદગીનું આવું સંયુક્ત કક્ષા ધરાવતું છતાં વિશિષ્ટ એવું એક પરિઘ હોય છે.

ઘરસંસારની ઘટમાળમાં, દરેક જણ સ્વાભાવિક રીતે જ સુખ–દુઃખના અનેકવિધ પ્રસંગોના અનુભવમાં મુકાય–અને અનુભવોની એ એરણ પર તેમના તેમના ઘડતરના ઘાટ ઘડાય. પ્રત્યક્ષ જાતે અનુભવેલું જ્ઞાન 'પોતાનું' બને છે. જીવનને તે વધારે સ્પર્શે છે અને પલટે છે. તેના પ્રતાપે, કેટલાક સારા ગુણોનો વિકાસ થાય–અને આંતરિક શુદ્ધિ–સુધારણા પણ થાય.

માનવીનું શરીર અને કૌટુમ્બિક સંબંધોની રચના પાછળ વિકાસક્રમ (Evolution)નો/એટલે કે જીવમાંથી શિવ થવા માટેની 'સંપન્નતા અને પૂર્ણતા' તરફ વાળવાનો ઈશ્વરનો જે મૂળભૂત હેતુ છે તે આ રીતે ધીરે ધીરે ચરિતાર્થ થતો જાય છે.

તુલસી–રામાયણમાં કુટુંબલક્ષી કર્મવાદનો આ બુલંદ શંખધ્વનિ છે! હરિઃ ૐ

## અંબાજી વિશ્રામગૃહને સહાય

રઝીનાં સ્ત્રી સાધક બેનોએ અંબાજી વિશ્રામગૃહને રૂા. ૮૧૫, જેટલી સહાય અધ્યાત્મની ભેટ ને લવાજમ સાથે મોકલાવેલ છે. તે રકમ અલગ રીતે અંબાજી મોકલવામાં આવી રહી છે, તેની નોંધ લેવા વિનંતિ.

# શ્રીમદ્ભાગવતવિષે આટલું જાણો(૨)

પ્રા. જનાર્દનભાઈ દવે

* શ્રી શ્રી ગૌરાંગ મહાપ્રભુ શ્રી ચૈતન્યદેવે શ્રી વ્યાસ-નારાયણે પોતે જ પોતાના બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખ્યું છે એમ કહી સૌને આશ્ચર્યમાં મૂકી દીધેલા, કોઈએ પૂછ્યું "એ ભાષ્ય વળી કયું? અમને તો ખબર નથી!" ત્યારે શ્રી મહાપ્રભુ બોલેલા કે "શ્રીમદ્ ભાગવત એ જ શ્રી વેદવ્યાસ નારાયણનું પોતાના જ બ્રહ્મસૂત્ર પરનું ભાષ્ય છે."

* શ્રીમદ્ ભાગવતજી પર બહુવિધ ટીકાઓ અનેક મહાપુરુષો વડે લખાયેલી છે તેમાંથી માત્ર કેટલાકનાં નામ આ પ્રમાણે છે.

(૧) શ્રી શ્રીધરસ્વામી વિરચિત = ભાવાર્થદીપિકા—જેને શ્રીધરી ટીકાના નામે પણ પંડિતો જાણે છે.

(૨) શ્રી વંશીધરજી મહારાજ વિરચિતઃ—ભાવાર્થદીપિકા પ્રકાશ.

(૩) શ્રી શ્રી રાધારમણદાસ ગોસ્વામી વિરચિતા = દીપની વ્યાખ્યા.

(૪) શ્રીમદ્ વીર રાઘવાચાર્ય કૃતાઃ—શ્રી વીર રાઘવ વ્યાખ્યા.

(૫) શ્રીમદ્ વિજય ધ્વજ તીર્થ કૃતાઃ—પદરત્નાવલી.

(૬) શ્રી જીવગોસ્વામી રચિતઃ—ક્રમ સંદર્ભ.

(૭) શ્રીમદ્ વિશ્વનાથ ચક્રવર્તિજી રચિતઃ—સારાર્થદર્શિની.



(૮) શ્રીમદ્ શુકદેવ સ્વામી રચિતઃ—સિદ્ધાન્ત પ્રદીપ.

(૯) શ્રી મધુસૂદન સરસ્વતી કૃતાઃ—ભાગવત ભાવાર્થ પ્રકાશિકા.

(૧૦) શ્રી રાધામોહન તર્ક વાચસ્પતિ ગોસ્વામી ભટ્ટાચાર્ય કૃતાઃ—તત્ત્વસાર વ્યાખ્યા.

(૧૧) શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિતાઃ—સુબોધિની ટીકા.

(૧૨) શ્રીમદ્ પુરુષોત્તમ ગોસ્વામી રચિતઃ—સુબોધિની પ્રકાશ.

(૧૩) શ્રી ગિરિધરજી રચિતઃ—બાલ પ્રબોધિની.

(૧૪) શ્રી હરિસૂરિ મહારાજ રચિતઃ—ભક્તિરસાયણ—એકલા દશમસ્કંધ પર

(૧૫) શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી મહારાજ અને ગોલોકવાસી શ્રી કર્દમૃષિ રચિત ગુજરાતી ભાષામાં લખાયેલ 'તત્ત્વસુધા' અને શ્રીમદ્ ભાગવત પીયૂષ ટીકા.

(૧૬) શ્રીમદ્ માધવતીર્થ સ્વામી મહારાજ કૃત અધ્યાત્મ ભાગવત—ગુજરાતીમાં—વેદાન્તપરક ગ્રંથ.

(૧૭) શ્રી શ્રીમદ્ અખંડાનંદ સરસ્વતીજી મહારાજનાં 'ભાગવતદર્શન' હિન્દીમાં—થયેલ જ્ઞાનસત્રનું સંપાદન.

## ત્રણ દૃષ્ટિ

તુકા ભણે : પત્ની શી કર્કશા મળી !
આ જિન્દગી ખારી, કટુ અતિ કરી.
દયા પ્રભુની રૂડી ભક્તિ થાય,
સત્સંગમાં વૈષ્ણવી–કાળ જાય.

દયા વિભુની : સહધર્મચારિણી,
મનોનુકલા, ધીર, ધર્મધારિણી,
પ્રત્યેક વાતે અનુકૂળ થાય,
રે નામદેવા ! શિવ–કાળ જાય.

જંજાળ ભાંગી ભવની ભલું થયું,
સંસારનું સુખ ક્ષણિક વિરમ્યું,
માણેક મહેતી ગરવી ગૃહિણી.
ધન્યોઽસ્મિ નૃસિંહ, મળ્યો પ્રભુ–મણિ.

ત્રિ–દેવ શી દૃષ્ટિ ત્રણેય સન્તની :
બલિહારી સંસાર અને અનન્તની.

રણજિત પટેલ (અનામી)

**આ અંક મોડો થવા અંગે**

અમદાવાદની કેટલાય વખતથી અશાન્ત પરિસ્થિતિને લીધે અધ્યાત્મ માટેના કાગળો મેળવવામાં વિલંબ થયો હોવાથી જાન્યુ. ૯૧ નો અંક મોડો પ્રસિદ્ધ થાય તો વાંચકો ક્ષમા કરે.

તંત્રી.



## શ્રદ્ધા

તમારું નામ લઇ ચાલું,
અનેરી ધૂનમાં મ્હાલું,
થશે અવળું તો મારે શું ?
ઇજ્જત આપની જાશે !

કયી દિશાભણી મંઝિલ
નથી કાંઇ જાણતું આ દિલ !
ચરણ ચાલે જ તેમ ચાલું
સફર એક દિન પૂરી થાશે !

કદી ઊંચે, કદી નીચે
પવનથી પાન ઉડે
ઋતુની લેશ પણ એને
અસર શું ના કદી થાશે ?

ચરણની ધૂળ થઇ જાઉં
સદા ગુણગાન, મધુર ગાઉં
તમારો સંગ રે'શે તો
મને મંઝિલ મળી જાશે !

ઈશ્વરભાઇ પ્ર. ભક્ત (પરમાર્થી)

# કૃપાલુ ગુરુદેવ અને કરુણામયી મા

પિનાકીન ના. જાની

મારે બે સંતાન. મોટી દીકરી હીરલ ને બાબો નાનો. મારી માતાના મનમાં એના જન્મ વખતે એવો ભાવ કે પૂ. ગુરુદેવ એનું નામ પાડે.

૧૯૮૩ ના સપ્ટેમ્બર માસમાં હું ને મારી પત્ની મારા આ નવ માસના બાળકને લઈને અમદાવાદ ગયાં. પૂ. ગુરુદેવ તે વખતે ત્યાં સત્યપથમાં વિરાજતા હતા. પૂ. શ્રીને વિનંતી કરી કે "આ બાળકનું નામ આપો."

પૂ. શ્રીએ પહેલાં તો ના પાડી કે એ કામ તો છોકરાની ફોઈનું, અમારું નહિ. "પરંતુ મેં પૂ. શ્રીને ફરી વિનંતિ કરી કે મારી માતાનો એ માટે સંકલ્પ છે. આપ પૂરો કરો તો અમને આનંદ થશે." પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ પણ કહ્યું, "છોકરાની ભાવના છે તો તે પૂરી કરો."

પછી જરા વિચાર કરી પૂ. શ્રીએ પૂછ્યું, "જન્મની રાશિ કયી આવે છે?"

મેં કહ્યું "મકર."

"અમારું આપેલું નામ ગમશેને?"

"જરૂરથી ગમશે. હું બાળકનું એજ નામ રાખીશ."

પૂ. શ્રીએ કહ્યું, "ચાલો, તો એનું નામ જાગ્રત્ રાખો. એનો અર્થ ખબર છે? ન હોય તો સાંભળો. એ આ સંસારમાં જાગતો



રહે,—એની માયામાં ફસાય નહિ ને સંસારના બીજા જીવોને જગાડતો રહે. જાગતો રહે ને જગાડતો રહે. સમજ્યાને?"

મને અને મારી પત્નીને એ નામ નવું, સરસ ને બોધપ્રદ લાગ્યું. પૂ. શ્રી ને પૂ. માને અમે સાભાર વંદન કરીને વિદાય લીધી. એક સંત બાળકને નામ આપે એના કરતાં શ્રેષ્ઠ શું? આપણે તો આવું નામ વિચારી પણ ન શક્યા હોત? હવે જ્યારે જ્યારે હું મારા બાળકને બોલાવું છું ને પૂ. ગુરુદેવની સ્મૃતિ મારા મનમાં સદાય તાજી થતી રહે છે. એના નામ સાથે પૂ. ગુરુદેવની સ્મૃતિ સદા માટે જોડાઈ ગઈ!

* * *

એ બાળકના નામાભિમાન પછી લગભગ છ માસમાં જ પૂ. ગુરુદેવ આ ભૌતિક દુનિયા છોડીને જતા રહ્યા. મારા મનમાં તે દિવસે જ એવો ભાવ હતો કે મારા પુત્રના યજ્ઞોપવિત સંસ્કાર વખતે પૂ. ગુરુદેવના આશીર્વાદ મળી રહે તો કેવું સારું! પરંતુ એ શક્ય ન રહ્યું.

પરંતુ સમય જતાં મારા મનમાં એ ભાવ દૃઢ થતો ગયો કે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં જ મારા પૂ. ગુરુદેવ સમાઈ ગયા છે. એટલે મારો બાળક મોટો થતાં પૂ. મા એના યજ્ઞોપવિત સંસ્કાર વખતે આશીર્વાદ આપવા પ્રત્યક્ષ હાજર રહે તો કેવું સારું? એવા વિચારો મને આવતા.

દોઢ વર્ષ પહેલાં મેં પૂ. માને આ અંગે વાત કરી. મારાં માતા—પિતાએ પણ તેઓને તે માટે વિનંતિ કરી. પરંતુ પછી તો પૂ. માને વિદેશ જવાનું થયું ને તેઓ એક આખું વર્ષ વિદેશમાં રોકાયાં. આમ યજ્ઞોપવિતનો પ્રસંગ પાછળ ઠેલાતો ગયો.

ઓક્ટોબર ૯૦ માં પૂ. મા ભારત પાછાં ફર્યાં ને ફરી મેં વિનંતિ કરી. પૂ. મા વડોદરાના રામાયણ પારાયણ પછી દક્ષિણ ભારતની યાત્રાએ જવા મુંબઇ પધાર્યાં ત્યારે મારી વિનંતિ તેઓએ સ્વીકારી, અને કહ્યું, "જુઓ તા. ૧૨ કે ૧૩ ડિસેમ્બરે યજ્ઞોપવિત રાખો તો હું તે દિવસોમાં મુંબઇ છું." બધી તૈયારી કરવા માટે પંદર દિવસનો સમય ગાળો બહુ ટૂંકો હતો, છતાં મેં તે સ્વીકારી લીધો. મને ખરે જ ખૂબ આનંદ થઇ ગયો.

મારાં માતા–પિતા પણ ભાવનગરથી આવી ગયાં. પૂ. મા દક્ષિણ ભારત ને કલકત્તાની યાત્રા કરી તા. ૭ મીએ પાછાં આવ્યાં. યજ્ઞોપવિતનો પ્રસંગ મારા રહેઠાણના મકાનના પ્રાંગણમાં જ ઉજવવાનું મેં નક્કી કરેલું. એ પાછળનો મારો ભાવ એટલો હતો કે પૂ. મા મારે ત્યાં પગલાં કરે. પરંતુ કોઇ સંત પુરુષ તમારા ઉપર કૃપા કરે તો કેવી, કેટલી ને ક્યારે કરે તેની આગાહી કોણ કરી શકે?

મારું ઘર અંધેરીમાં આવેલું ને પૂ. માનો ઉતારો બોરીવલીમાં. છતાં મારા પિતાજી અને અમે બધાં રોજ રોજ પૂ. માના દર્શને ને સત્સંગ માટે જતાં. જનોઇના ત્રણ દિવસ પહેલાં પૂ. માએ મારાં માતાજીને કહ્યું, "અમને થાય છે કે છોકરાઓ કેટલી દોડાદોડ કરશે! એના કરતાં અમે જ તમારે ત્યાં ત્રણ દિવસ રહેવા આવી જઇએ તો કેવું સારું?

મારાં માતાજીના આશ્ચર્યનો પાર ન રહ્યો! તેઓ અવાક્ બની પૂ. મા સામે જોઇ રહ્યાં! તેઓ અમારે ત્યાં સામેથી કહીને આવે એવી કલ્પના પણ અમે તો કરેલી ક્યાંથી હોય!

'હે મા! અરે, એવું અમારું ભાગ્ય ક્યાંથી?' કહી તેઓએ



પૂ. માંના ચરણોમાં વંદન કર્યાં.

મારાં માતાજીએ જ્યારે મને આ વાત કરી ત્યારે મારા આનંદની અવધિ ન રહી. હું ખરે જ નાચી ઊઠયો. પૂ. મા સામેથી મારે ત્યાં રહેવા આવે એ વિચાર માત્રથી હું રોમાંચિત થઇ ઊઠયો. મારી આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં. હવે મને ખાત્રી થઇ ગઇ કે જેમ ભગવાન ભક્તને આધીન થઇ વશ વર્તે છે, તેમ સાચા સંતો પણ ભક્ત કે સાધકના મનોભાવો સ્વીકારી તેને પોષતાં રહે છે.

સામાન્ય રીતે સાંસારિક પ્રસંગોમાં હાજરી ન આપતાં પૂ. માએ મારા પુત્રના યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગે ઉપસ્થિત રહી, એને પોતાના હાથે સ્પર્શ કરેલી યજ્ઞોપવિત ધારણ કરાવી સહુથી પહેલી ભિક્ષા આપી. આમ મારા બધા ◻માવો પરિપૂર્ણ કર્યા એટલું જ નહિ, પણ અમોને વડીલ માતા–પિતા તરફ પૂજ્યભાવથી જોવાની એક નવી દૃષ્ટિ આપી.

પુત્રના યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગે અમોએ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. માનું પ્રત્યક્ષ પૂજન તો રાખેલું. તે માટે વડોદરાથી શ્રી વિજયભાઇ પુરોહિતને ખાસ બોલાવેલા. પૂ. માની સૂચના પ્રમાણે અમે ત્રણે ભાઇઓએ સપત્ની અમારાં માતા–પિતાનું પણ ષોડશોપચાર વિધિથી પૂજન કર્યું, ત્યારે તેઓ તો સ્તબ્ધ થઇ ગયાં! તેમની જાણ બહાર જ અમે આ માટે બની તૈયારી કરી રાખેલી.

પૂ. માએ આમ કરાવીને યુવાન પેઢીને એમના વડીલો પ્રત્યે આદર ને પૂજ્યભાવથી જોવાની નવી પ્રેરણા આપી. અમારા સમાજના માણસો માટે આ અવનવું અને કુતૂહલ પ્રેરક દૃશ્ય

બની રહ્યું. પૂ. માએ એક નવી દિશા ચીંધવાનું કાર્ય કર્યું એમ મને લાગ્યું. એમાં અમને નિમિત્ત બનાવ્યા.

નાના બટુક જાગ્રતને પૂ. માએ એક નાનું દેવળ આપ્યું. બાળકને લાગ્યું કે હવે તેને પૂજા કરવી જોઈએ. દેવળ, દેવ ને માળાનો સરસ સમન્વય અમારા બાળકના જીવનમાં કરી આપ્યો. બાળકને યજ્ઞોપવિત સંસ્કાર વેળાએ જ પૂ. માએ એના કપાળમાં 'મા' અને હૃદય પર ૐ પોતાના સ્વહસ્તે કંકુથી લખી આપ્યા. બાળકને આમ ગાયત્રી દીક્ષા સાથે નવા 'ૐ મા' મંત્રની દીક્ષા મળી ગઇ. અમારા આશ્ચર્ય વચ્ચે પૂ. માની આજ્ઞા પ્રમાણે બીજા જ દિવસથી બાળક નિયમિત માળા કરવા લાગ્યો. પૂ. મા રોજ પ્રત્યક્ષ કે ટેલિફોન ઉપર કેટલી માળા કરી તેનો હિસાબ પૂછતાં. આમ પૂ. માએ બટુકને દીક્ષિત કર્યો સાથે સાથે અમનેય વધુ પ્રભુસ્મરણ કરવાની આડકતરી શિક્ષા ધરી. નાનાં બાળકો ભૂખ વેઠીને પણ નિયમિત પ્રભુસ્મરણ કરતાં હોય તો પછી કદીક પ્રમાદી બની જતા મારા જેવાને વડીલને શરમ ન લાગે તો બીજું થાય શું? આ રીતે પૂ. માએ અમારી સુસ્તી ને આળસ ઉડાડી દીધી.

હવે મને સમજાયું કે રૂઢિ કે પરંપરા પ્રમાણે અપાતી જનોઇ અને એક સાચા સંતની હાજરીમાં અપાતી જનોઇમાં કેટલો બધો તફાવત પડે! એક માત્ર ધાર્મિક કે સામાજીક સંસ્કાર બનીને રહી જાય, જ્યારે બીજી બાળકને પ્રભુપંથના પ્રાંગણ પ્રતિ દોરી જાય, પ્રભુનો એના જીવનમાં પ્રવેશ કરાવી આપે. વંદન હો એ બંને મહાવિભૂતિઓની કૃપા અને કરૂણાને.



## રહેજો

(ગાન)

ચૂપ થઇને રહેજો
હરિ દીધેલું લેજો.

એક ધરાનાં ફૂલડાં જુદાં
જનજનના છે ચહેરા જુદા,
વનવનના જો વહેળા જુદાં
ફૂલડે ફૂલડે પરિમલ જુદાં–
નીર સમા થઇ વહેજો
ચૂપ થઇને રહેજો.

એક ડાળનાં પંખી જુદાં
હર પંખીના કલરવ જુદાં,
ચમનચમનમાં ક્યારા જુદા
ગીતગીતના રાગો જુદા–
જે આવે તે સહેજો
ચૂપ થઇને રહેજો.

મધુરમ્

## યોગેશ્વર પ્રભુ દર્શન આપે

( પ્રભાતિયાનો ઢાળ )

યોગેશ્વર પ્રભુ દર્શન આપે સત્યપથને દ્વારે રે,
દર્શન કરતાં શીશ નમાવી સર્વેશ્વરી સુખ પામે રે,
નિત્ય કર્મથી નિવૃત્તિ લઇ સ્નાન કાજે પધારે રે,
શીતળ જળ અભિષેક કરતાં સુખાસને બિરાજે રે. યોગેશ્વર પ્રભુ.

વસ્ત્રે શ્રી અંગ લૂછીને પ્રભુ શ્વેતવસ્ત્ર ધારે રે,
પદ્માસનમાં સ્થિર બનીને, ધ્યાન પ્રભુનું ધારે રે. યોગેશ્વર પ્રભુ.

નિયમિત આસન દંડ બેઠક ને શીર્ષાસન આરંભે રે,
દર્શન આપો સ્તુતિ કરીને આસન થકી વિરામે રે. યોગેશ્વર પ્રભુ.

તેલ મર્દન શિરપર કરીને કેશને મહાસુખ આપે રે,
ભગવદ્‌ગીતા પાઠ કરીને દૂધ પ્રસાદી સ્વીકારે રે. યોગેશ્વર પ્રભુ.

સરસ્વતીનું કરે આરાધન સુખાસને બિરાજી રે,
માતાજીનું સ્મરણ કરતાં પવિત્ર જીવન યાચે રે. યોગેશ્વર પ્રભુ.

મા ભગવતી પ્રત્યક્ષ પધારી લેખનકાર્ય આરંભે રે,
જનહિત કાજે ગ્રંથ રચીને સમાજનું ઋણ વાળે રે. યોગેશ્વર પ્રભુ.

લેખનકાર્ય પૂર્ણ કરીને જપમાળા લઇ વિચરે રે,
મહાપ્રસાદી સ્વીકારવાને સુખાસને બિરાજે રે, યોગેશ્વર પ્રભુ.

મધુર કંઠે પ્રભુ પોકારે નટવર શિવ શિવ નામે રે,
પાત્રથી કરતાલ દેતા આમંત્રે અનુરાગે રે. યોગેશ્વર પ્રભુ.

પરમ શાંતિથી શ્લોક ઉચ્ચારી મહાપ્રસાદી સ્વીકારે રે,
મધ્યાહ્‌ને ભાવિક ભક્તોને સત્‌સંગનું સુખ આપે રે. યોગેશ્વર પ્રભુ.



વર્તમાન પત્રો વાંચીને વિરામ ક્ષણભર પામે રે,
મૌનધરીને પદ્માસનમાં સમાધિસુખને માણે રે. યોગેશ્વર પ્રભુ.

લેખનકાર્ય પુનઃ કરીને જપમાલા લઇ વિચરે રે,
રવિરાજ સમી કર્મની દીક્ષા જનસમાજને ધરતા રે, યોગેશ્વર પ્રભુ.

સંધ્યાકાળે જનમંચેથી જ્ઞાનધારા વહાવે રે,
શાસ્ત્રો સઘળાં પ્રગટ થઇને શ્રીમુખમાંહી પધારે રે. યોગેશ્વર પ્રભુ.

સાંજની પ્રાર્થના નિયમિત કરીને અલ્પાહાર સ્વીકારે રે,
મૌન ધરીને મગન બનીને મસ્તી અનેરી માણે રે. યોગેશ્વર પ્રભુ.

ક્ષણ વિરામ લઇ મધરાતે તો જપમાળા લઇ ઉભા રે,
સો જપમાળા નિયમિત કરતા સર્વેશ્વરીને જગાડે રે. યોગેશ્વર પ્રભુ.

સર્વેશ્વરી જાગીને જગાડે આશિષ એવી ધરતા રે,
નિત્ય અવનવી લીલા કરીને સર્વેશ્વરીમાં સંતાયા રે. યોગેશ્વર પ્રભુ

* * *


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦

# પૂ. મા–મૌનાવસ્થામાં

**શ્રીસુરેશભાઈ શાહ–કેનેડા**

અંધકારનો પ્રકાશ સાથે, સૂર્યનો ચંદ્ર સાથે, રાત્રિનો દિવસ સાથે અને પરિશ્રમનો વિશ્રામ સાથે જેટલો સંબંધ છે તેટલો જ સંબંધ વાણીનો મૌન સાથે છે. આધુનિક સમયમાં સામાન્ય રીતે આપણે પાણી અને વાણી બંનેનો દુરુપયોગ કરીએ છીએ. ઈશ્વરે વિનામૂલ્યે માનવજાતિને આપેલી એ અમોલ ભેટને વિવેકહીન બનીને વાપરીએ છીએ છતાં આશ્ચર્યની વાત એ છે કે તેનો આપણને લેશમાત્ર સંકોચ નથી થતો કે તે માટે આપણને દુઃખ પણ નથી થતું. વાણી એ વ્યવહાર માટેનું, વિચારોના વિનિમય માટેનું અને અંતરના ભાવોને રજુ કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે. માનવ પોતાના ભાવોની રજુઆત વાણી દ્વારા કરે છે–મૌન એ માનવને જીવનવ્યવહારમાં ગુસ્સા ઉપર વિજય મેળવવા, નિંદા અને ટીકાથી બચાવવા, કોઇના અશુભમાં સાથ નહિ આપવાનો નિર્ણય લેવા મદદ કરે છે. 'ગાંધીજી જેવા અસામાન્ય અતિવિરલ વ્યક્તિ મૌન, વિચારોનું કેન્દ્રિકરણ કરવા, શક્તિનો સંગ્રહ કરવા અને માનસિક શાંતિ મેળવવા, ધારણ કરતા હતા. પૂ. મોટાએ આત્મિક ઉન્નતિના માર્ગે જતા સાધકોને મૌન ધારણ કરી સાધના કરવા માટે મૌનમંદિરોની સ્થાપના કરી હતી. હરિ ૐ આશ્રમ નડીઆદ અને સુરતમાં આવી વ્યવસ્થા કરવામાં આવી છે.

પૂ. મા ન્યુજર્સીથી તા. ૨૯/૭ ના રોજ શ્રી ડાહ્યાભાઈ લાડને ઘેર ટોરોન્ટોમાં પૂજ્યશ્રીની પાદુકાપૂજન હોવાથી ઓચિંતા



પધારે છે અને ત્યાર પછીનો દરેક દિવસ પૂ.મા પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર સત્સંગીઓને સત્સંગ માટે આપે છે. પૂ. શ્રીનું ગુરુલીલામૃત, જન્માષ્ટમી મહોત્સવ, પૂ. શ્રીનો ૬૯ મો પ્રાકટ્યદિન, નાયગ્રાફોલ્સની બસમાં યાત્રા, બાળકોમાટે સેન્ટર આઈલેન્ડ–બોટમાં બેસીને જવાનો આનંદ, તદ્ઉપરાંત દરરોજ સાંજના પૂ. યોગેશ્વર ધ્યાન કેન્દ્ર–ટોરોન્ટોના સાધકોને ઘેર પૂ. માનો સત્સંગ, ખૂબ જ વ્યથિત અને પ્રવૃત્તિઓથી ધમધમતા સતત ત્રીસ દિવસના જીવન પછી પૂ. મા પાંચ દિવસનું મૌન લેવાનો દૃઢ નિશ્ચય કરે છે. પૂ. માનું શરીર જ મંદિર થઇ ગયું છે જેમના હૃદય સિંહાસન પર પ્રભુ આરૂઢ થયેલા છે તે પૂ. મા મંગળવાર થી શનીવાર પાંચ દિવસ સુધી તદ્દન એકાંતવાસ કરે છે. યજમાન પણ પૂ. માને મળી શકતા નથી. પૂ. માનું વ્રત કઠોર હોય છે, શિસ્ત કડક હોય છે જે પ્રશંસનીય જ માત્ર નથી પણ અનુકરણીય પણ છે–અભિનંદનીય પણ છે–પૂ. મા માટે મૌન એટલે પ્રભુસાથે વાતચીત કરવાનો સમય, તમ થયેલા જીવનનો વિસામો, પ્રભુ પાસે હળવા થવાની પ્રાર્થનાનો સમય, લેખન, સ્પર્શન અને દર્શનનો લાભ લેવા ઝંખતા મન અને આત્માને મળતું અમોઘ શસ્ત્ર. પૂ. મા મૌન દ્વારા સાબિત કરે છે કે, મૌનથી પ્રભુની સમીપ સહેલાઈથી બેસી શકાય છે, મનની સ્થિરતા વધે છે. બાહ્યજગતથી સંબંધો કપાઇ જવાથી એકાગ્રતા તીવ્ર બને છે અને આત્માનો આનંદ અસ્ખલિતપણે પ્રભુ પ્રીત્યર્થે પ્રવાહિત થાય છે. મૌનથી અંતઃચક્ષુ ઉઘડે છે. મનનાં દ્વાર ઉઘડે છે અને મૌન મનને પ્રભુ સાથે જોડવાની રીત બતાવે છે. મૌનમાં જે શક્તિ છે તે વાણીમાં નથી.

પૂ. માનું પાંચ દિવસનું મૌન અને એકાંતવાસ, અમારા જેવા સંસારીઓને ગુંગળાવી નાંખે છે. ઓરડાની ચાર દિવાલોમાં રહેલા એ દિવ્ય દેહને અમે નિહાળી શકતા નથી, તેનાં દર્શન કરી શકતા નથી, પરિણામે વૃંદાવન સમું રળિયામણું લાગતું ધામ સાવ શુષ્ક, નિષ્ક્રિય, પ્રાણવિહોણું અને અચેતન લાગે છે. પૂ. મા મૌન દ્વારા પ્રભુના મૌનને તોડાવવા પ્રાર્થના કરે છે, પ્રભુનું મૌન પૂ. માને કેટલું આકરું, અસહ્ય અને દર્દભર્યુ લાગતું હશે તેનો થોડો ખ્યાલ અમને પૂ. માના મૌનથી આવ્યો.

પૂ. માનું વ્યક્તિત્વ નિરાળું છે. અંતરના વ્યક્તિત્વને વર્ણવવા શબ્દો ઓછા પડે. પૂ. માનો વિનોદી સ્વભાવ, શીખામણ સભર ભાષા, ભાષાદ્વારા પ્રકટતો પ્રભુ માટેનો પ્રેમ, શરીરની એકેએક પ્રક્રિયાં દ્વારા પ્રભુ માટે થતું કાર્ય અને આદર્શ વ્યવહાર ખરેખર પૂ. માને વંદનીય બનાવે છે એટલું જ નહીં પૂ. મા માટે ચુંબકીય આકર્ષણ ઉત્પન્ન કરે છે અને જીવ પૂ. માનું સતત સાન્નિધ્ય ઝંખવા પ્રેરાય છે!!

પૂ. માનું મૌન આપણને સૌને શિખામણ આપે છે કે સંસારમાંથી મોહ, માયા, મમત્વ, ઓછાં કરી પ્રભુ પ્રત્યે પ્રીત કરો તો જ આત્મકલ્યાણ થઇ શકે. મૌન જ પ્રભુ પાસે પહોંચવાની પ્રાર્થના કરવાનું પરમ પવિત્ર સાધન છે અને મૌન જ માનવ મનને સ્થિર કરવા અત્યંત જરૂરી છે.

મૌનમાં બિરાજેલી છતાં અંતરને વાચા આપતી મા સર્વેશ્વરીનાં ચરણોમાં કોટિ પ્રણામ. હરિઃ ૐ



# શ્રી સદ્ભાવભરી સહાય

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મ માસિકને સદ્ભાવભરી સહાય મળતી રહે છે. સાધકો ને વાંચકો એને જે રીતે પોતાનું ગણી સહાય મોકલતા રહે છે તે બદલ અમે ખરેજ તેમના ઋણી છીએઃ–

૨૫ પ્રો. ટી. જી. ભટ્ટ, સુરત.

૧૦૧ બિકાનેરના એક સાધક તરફથી નવા ધંધાની શરૂઆત પ્રસંગે.

૫૧ શ્રી ચંદુભાઇ પારેખ, સુરેન્દ્રનગર–પૂ. શ્રી યોગેશ્વરજીનું તેજોમય દર્શન થતાં.

૧૦૧ શ્રી ચંદ્રસેન મુલજીભાઇ કતીરા, હેમલતા મુલજીભાઇના લગ્ન નિમિત્તે.

૨૦૧ શ્રી યતીનભાઇ અનિરૂદ્ધભાઇ કાકા, (શ્રી યોગ કન્સ્ટ્રક્શન કું.) વડોદરા.

૧૧ શ્રી પારૂલ ચેતન દેસાઇ, સુરત.

૯૬૫ શ્રી કેનેડાના ગ્રાહકો તરફથી.

૫૧ મુંબઇનાં એક સાધક બેન તરફથી.

૩૫૦ અમેરિકાના બે ગ્રાહકો તરફથી.

૫૦૦ શ્રી મહેશ નારાયણદાસ ત્રિવેદી (લાગોસ).

૨૫ શ્રી વિજ્યાબેન એમ. જાની, મોરબી–શ્રી લાભશંકર મૂળશંકરના સ્વર્ગવાસ નિમિત્તે.

૧૫૧ શ્રી ચંદ્રવિદ્યા પી. મિસ્ત્રી.

૨૫૧ શ્રી કંચનભાઇ (અવ્યાય ક્લેક્શન), સુરત.
૫૧ શ્રી લલ્લુભાઇ પટેલ, રાંદેર.
૫૧ શ્રી વડોદરાનાં સાધકબેન તરફથી.
૨૧૧ શ્રી ન્યુઝીલેન્ડના એક સાધક ભાઇ તરફથી.
૫૦૦ શ્રી ધીરજભાઇ મોઘરિયા, ધાંગધ્રા.
૫૩ શ્રી મૃણાલી હિતેષ પટેલ, નિધિ હિતેષ પટેલ, અને વૃશાંક દેવેશ, સુરત.
૨૫ શ્રી પ્રવીણ વી. મીરાણી, મોરબી.
૨૧ શ્રી ભારતીબેન જી. અગ્નિહોત્રી, સુરત.
૧૦૧ શ્રી પિનાકીન નારાયણ જાની, મુંબઇ–ચિ. જાગ્રતની યજ્ઞોપવીત નિમિત્તે.
૫૧ શ્રી ચીમનભાઇ પટેલ, ભાવનગર.

સહુને અભિનંદન.

## સુધારો

'અધ્યાત્મ' માસિકના ડીસેમ્બર '૯૦ ના અંકમાં ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર શા માટે? એ લેખના પાના ૪૬ ઉપર અગિયારમી લીટીમાં "અઢી હજાર વર્ષ પહેલાં જે યોગેશ્વર શક્તિ અવતરી હતી" તેમ છપાયું છે. તેને સ્થાને "પાંચ હજાર વર્ષ પહેલાં" એમ વાંચવું. આ કલમની ક્ષતિ (Slip of pen) દર્શાવનાર ભાઇનો આભાર.

તંત્રી



# ભક્ત-વાત્સલ્યમૂર્તિ શ્રી શ્રી મા શારદા

અગત્યનું

સ્વામી ગંભીરાનંદ
રજૂઆત : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

[મા શારદામણિદેવીનું હૃદય અત્યંત કોમળ, સંવેદનશીલ હતું. ભક્તો ઉપર તેમના હૃદયમાંથી પ્રેમ સરિતા સદા વહ્યા કરતી, ભક્તો ઉપર સદા તેમનો માતૃભાવ વહેતો. પરિણામે કોઇ કોઇ પ્રસંગે શ્રી રામકૃષ્ણદેવના અણગમા સામે પણ તેઓ ભક્તોની ઢાલ બની તેઓને રક્ષતાં. માતાજીના આ વાત્સલ્યભર્યા વલણ સામે શ્રી ઠાકુરનો વિરોધ પણ નરમ પડી જતો. ભક્તો ઉપર મા શારદાનો આ માતૃભાવ શ્રી રામકૃષ્ણદેવ પણ આવકારતા. ડિસેમ્બર માસના અંકમાં આવા ત્રણ પ્રસંગો રજૂ કરવામાં આવેલ. હવે નીચેનાં પ્રસંગો જોઇએ.]

* * *

દક્ષિણેશ્વર આવતા નાની ઉંમરના ભક્તોને માતાજી પોતાના સંતાન તરીકે જ જોતાં અને તેઓ તરફ એક જાતનું અપૂર્વ આકર્ષણ અનુભવતાં અને જરૂર પડયે મા કરતાં પણ વધારે હેતથી તેમનું જતન કરતાં. દક્ષિણેશ્વરમાં એક પાગલ સ્રી પાસે આવતી જતી. એ ગાંડી છે જાણી પહેલાં તો ઠાકુર ને બધા તેની સાથે ખૂબ સહાનુભૂતિપૂર્વક વાતો કરતા, પણ પછીથી જણાયું કે એ "મધુર ભાવની સાધિકા" હતી ને ઠાકુર પ્રત્યે એવો જ ભાવ રાખતી હતી. જ્યારે ઠાકુર બધી જ સ્રીઓને જગદંબાના સ્વરૂપમાં જ જોતા હતા.

એક દિવસ કંઇ વિચાર કર્યા વગર ઠાકુર પાસે પોતાના મનની વાત કહી. પોતાના ભાવની વિરુદ્ધની વાતો સાંભળી શ્રી રામકૃષ્ણનું બાળક જેવું સરળ મન ઉશ્કેરાઇ ગયું. આસન પરથી ઊઠીને ઉન્મત્તની માફક એમણે આંટા મારવા માંડયા ને ગ્રામ્ય ભાષામાં પોતાની મનની વિરુદ્ધ ભાવની નિંદા કરવા લાગ્યા. આમ કરતાં તેમનું પહેરેલ વસ્ત્ર કમરથી ખસી ગયું. માતાજી નોબતખાનાની ઓરડીમાંથી આ બધું સાંભળતાં હતાં. કન્યાના અપમાનથી, લજ્જાથી મરું મરું થતાં તેમણે ગુલાબમાને કહ્યું, "જોને! એણે જો વિચાર વગર કંઇ કહ્યું પણ હોય તો મારી પાસે મોકલી દેવી હતી ને! આવી રીતે ગાળો દેવાની શું જરૂર?" એ પાગલીને બોલાવવા તરત જ એમણે ગુલાબમાને મોકલ્યાં અને એ આવી ત્યારે હેતથી પાસે બેસાડીને કહ્યું. "દીકરી, તને જોઇને એ ચિડાય છે તો ત્યાં ન જતી; તું મારી પાસે આવજે." કેવું અદ્ભુત વાત્સલ્ય!

* * *

તે વખતે ઘણા યુવાન ભક્તો રાત્રે દક્ષિણેશ્વર રહી જતા ને ઠાકુરના ઉપદેશ પ્રમાણે સાધનામાં મગ્ન રહેતા. રાતે વધારે ખાવાથી ધ્યાનમાં વિઘ્ન થાય એમ જાણી ઠાકુર એ લોકોના ખાવા ઉપર કડક નજર રાખતા.

રાખાલને છ રોટલી ને લાટુને પાંચ, મોટા ગોપાલને અને બાબુરામને ચાર–ચાર રોટલીઓ પીરસવાનું તેમણે માતાજીને કહેલ. પોતાના માતૃભાવ પર આવો દાબ માતાજીને ન ગમતો. તેથી એ સૌને ભૂખ પ્રમાણે ખવડાવતાં.

બાબુરામ પાસેથી ઠાકુરે એકવાર સાંભળ્યું કે એ રાતના



પાંચ–છ રોટલીઓ ખાય છે અને તે માટે માતાજી જ જવાબદાર છે. આથી ઠાકુરે માતાજી પાસે જઇને ફરિયાદ કરી કે "આવાં ખોટાં લાડ કરવાથી છોકરાઓનું ભવિષ્ય બગડશે." માતાજીએ આનો વિરોધ કરી કહ્યું "એણે બે રોટલી વધારે ખાધી હોય તેને માટે તમે શા માટે આટલી ચિંતા કરો છો? એમનું ભવિષ્ય હું જોઇશ. ખાવા માટે એમને ન વઢતા." એટલે વધુ કંઇ ન બોલતાં મનમાં સર્વ વિજયી માતૃશક્તિને માન આપી ઠાકુર હસતે મોંએ તરત પાછા ચાલ્યા આવ્યા.

* * *

યોગિનમા પાસેથી સાંભળ્યું છે કે માતાજી પ્રેમથી સ્ત્રીભક્તોને આવકારતાં જોઇ ઠાકુર ખૂબ ખુશી થતા. યોગીનમા પોતે જ્યારે પહેલી વાર દક્ષિણેશ્વર ગયાં હતાં ત્યારે ઠાકુરે સાંભળ્યું કે એ જમ્યા વગર આવ્યાં છે, એટલે એમને નોબતખાનામાં મોકલી દેતાં કહ્યું, "જાઓ, ત્યાં શાકભાત છે. ખાઇ આવો."

માતાજીએ એમને પ્રેમથી ભાત, શાક, પૂરી વગેરે ખવડાવ્યાં. એ પહેલી જ ઓળખાણમાં એ બન્ને વચ્ચે ખૂબ ગાઢ સંબંધ થઇ ગયો હતો, એટલે સુધી કે થોડા દિવસ પછી માતાજી જ્યારે રામલાલનાં લગ્નમાટે કામારપુકુર જવામાટે હોડીમાં બેસી રવાના થયાં ત્યારે જ્યાં સુધી જોઇ શકાય ત્યાં સુધી યોગિનમા જોઇ રહ્યાં ને હોડી અદૃશ્ય થતાં રડી પડયાં.

શ્રી રામકૃષ્ણે ત્યારે તેમને આશ્વાસન આપ્યું ને માતાજી પાછાં આવ્યાં ત્યારે તેમણે કહ્યું, "પેલી મોટી મોટી આંખોવાળી છોકરી આવે છે, એ તમને ખૂબ ચાહે છે. તમે જે દિવસે ચાલ્યાં ગયાં તે દિવસે નોબતખાનામાં બેઠી બેઠી ખૂબ રડતી હતી."

માતાજીએ કહ્યું, "હા, એનું નામ યોગેન." યોગિનમા ઉપર માતાજીનો એટલો પ્રેમ ને વિશ્વાસ હતો કે પ્રત્યેક વિષયમાં એમની સલાહ લેતાં. યોગિનમા એમના વાળ ઓળી આપતાં તો માતાજી ત્રણ ચાર દિવસ સુધી અંબોડો છોડતાં જ નહીં ને કહેતાં "ના, યોગેને અંબોડો વાળી આપ્યો છે. એ આવશે તે દિવસે છોડીશ. "કેવો ભાવ !

* * *

યોગિનમાએ એક દિવસ જોયું કે માતાજી થોડાંક પાન સારી રીતે મસાલો નાંખીને બનાવે છે—ને કેટલાંક એમ જ તૈયાર કરે છે. તેથી એમણે માતાજીને પૂછ્યું "આમાં એલચી–સાપોરી ન મૂક્યાં? એ કોને માટે છે, અને આ કોને માટે છે?" માતાજીએ જવાબ વાળ્યો "મસાલાવાળાં ભક્તો માટે છે. એ લોકોને પ્રેમ અને જતનથી પોતાના કરી લેવા જોઈએ ને? ને પેલાં પાન એમને (ઠાકુરને) માટે છે, એ તો પોતાના છે જ ને!"

* * *

આ સાથે ભક્તોની સતત અવરજવર અને ભજન કીર્તન વગેરે ચાલુ જ રહેતાં. ઠાકુરની સેવામાં તત્પર રહેતાં માતાજીને એક ઘડીની પણ ફુરસદ મળતી નહીં. રાત–દિવસ રસોઇ ચાલતી. આટલા કામમાં પણ એમનું મન હંમેશાં શ્રી રામકૃષ્ણના ચરણોમાં પરોવાયેલું રહેતું.

પોતાના મનની અસામાન્ય એકાગ્રતાને લીધે ઠાકુર કંઇ બોલે તે પહેલાં જ માતાજી સમજી જતાં ને એમની જરૂરિયાતો પ્રમાણે વ્યવસ્થા કરી રાખતાં. ગરીબાઇને લીધે કે માબાપના વિરોધને લીધે શારદાપ્રસન્ન, પૂર્ણ વગેરે બાલક શિષ્યો પાસે



કલકત્તા પાછા ફરવાના પૈસા નહોતા રહેતા. એ જાણી ઠાકુર એમને માતાજી પાસે પૈસા માગી લેવાનું કહેતા. શારદાપ્રસન્ન જ્યારે જ્યારે આવતા ત્યારે ત્યારે લજ્જાશીલ માતાજી તેમના ઘેર જવાને વખતે એક આનો નોબતખાનાના દરવાજા પાસે મૂકીને ખસી જતાં. ઠાકુરના કહેવાથી શારદાને ત્યાં આવતાંવેંત જ માગ્યા વિના એ પૈસા મળી જતા.

નરેન્દ્ર આવતો ત્યારે ઠાકુર તેમને કહેતા સંભળાતા કે "તું આજે અહીં જ રહેજે." એ શબ્દો કાને પડે તેવાં જ માતાજી ચણાની દાળ ચડાવીને લોટ બાંધવા બેસી જતાં. કારણ કે નરેન્દ્રને જાડી જાડી રોટલી અને ચણાની દાળ પસંદ હતાં. સરુંનાં ઝુંડ તરફ જતાં ઠાકુર નરેન્દ્ર માટે રાંધવાનું કહેવા જતા ત્યારે જુએ તો બધી વ્યવસ્થા થઇ ગઇ હોય.

સ્ત્રીભક્તો સાંજે દક્ષિણેશ્વર આવતી ત્યારે એમને માટે રાત-વાસાની સગવડ કરવા માટે ઠાકુરને મુશ્કેલી પડતી. નોબત-ખાનાની ખૂબ જ નાની ઓરડીમાં જગ્યા નથી જાણી ઠાકુર તેમને પોતાના ઘરના બહારના ઓટલા ઉપર સૂઇ રહેવાનું કહેતા. પણ માતાજી તેમને કહી રાખતાં કે એમની ઓરડીમાં જ બધી સગવડ થઇ જશે. માતાજીને ત્યાં જમીને સ્ત્રી ભક્તો પાછી ઠાકુરના ઓરડામાં વાતો કરવા આવતી તે વખતે માતાજી ઓરડી સાફ કરી રાખતાં ને બધાને પોતાની પાસે પ્રેમથી સુવાડતાં. એટલે કોઇને બીજે ક્યાંય જઇ સૂવાની જરૂર કે ઇચ્છા થતી નહીં. આવો હતો મા શારદાનો માતૃભાવ !

# રામકથા

( નવેમ્બર '૯૦ થી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

ધ્રૂજતી, ગભરાતી, શોક કરતી, સીતાને સાંત્વનાના બે શબ્દો કહેવા સિવાય એનાથી બીજું કશું જ ના થઇ શક્યું. જટાયુની દુર્દશા દેખીને સીતાંની હિંમત તૂટી ગઇ અને એ આક્રંદ કરવા લાગી. પરંતુ એ આક્રંદ પત્થર હૃદયના રાવણને જરા પણ ના પીગળાવી શક્યું. એણે કિંકર્તવ્યમૂઢ તથા દીન જેવી દેખાતી સીતાને ઉતાવળ કરીને ફરી વાર રથમાં બેસાડી અને આકાશ માર્ગે પ્રયાણ કર્યું. સીતાના શોકનો પાર ના રહ્યો.

રસ્તામાં રાવણે મદભરી ભાષામાં કહેવા માંડયું. 'મારા પરાક્રમનો પરચો જોઇ લીધો ને? મારો સામનો કરનારની કેવી દુર્દશા થઇ? એણે હાથે કરીને મરણને નોતરી લીધું. આશ્રમમાં રામ હતા જ નહિ અને હોત તો પણ શું? એ મારી સામે આવ્યા હોત તો એમની પણ આવી જ દશા થાત. એ નિર્દોષ સ્ત્રી શૂર્પણખાનાં નાક અને કાન કાપ્યાં એટલે શું એ બહાદુર બની ગયા? એવી બહાદુરી મારી આગળ ના ચાલે.'

સીતા બોલી, 'એટલે તું એ રામથી ભયભીત બનીને ભિક્ષુક ભેશમાં આશ્રમમાં આવી પહોંચ્યો અને સામનો કર્યા વિના ચોરીછૂપીથી ચાલતો થયો. તારી એ બહાદુરી ઘણી અસાધારણ તથા તને છાજે તેવી જ છે.'

'જે કામ સરળતાથી થઇ શકતું હોય તેને લડીને શા માટે કરું? હું એટલો મૂર્ખ નથી કે વાત વાતમાં લડી પડું. વિધાતા મને અનુકૂળ છે એટલે જ તારું હરણ હું આટલી સહેલાઇથી કરી શક્યો.'

'વિધાતા તને જરાપણ અનુકૂળ નથી પરંતુ પ્રતિકૂળ છે એટલે જ તેં મારું હરણ કર્યું છે. મારું હરણ કરીને તેં મૃત્યુના મુખમાં હાથ નાંખ્યો છે. તારે માથે મરણ ના ભમતું હોત તો તું આવું કુકર્મ કરવા પ્રેરાત જ નહિ.'



'આ કુકર્મ નથી, સુકર્મ છે. હું તને ચાહું છું. મેં તને રાજા જનકે યોજેલ સ્વયંવરમાં જોયેલી ત્યારથી જ તારે માટે મારા હૃદયમાં સ્થાન થઇ ચૂકેલું. એ પ્રસંગનું મને વિસ્મરણ થયેલું, પરંતુ શૂર્પણખાની વાતચીતથી એ વાત તાજી થઇ. હવે હું તને નહિ જવા દઉં. તને મેળવીને મારા અંતરમાં આનંદ આનંદ છવાઇ રહ્યો છે.'

'એ આનંદ અસ્થાને છે, તારા કુકર્મને પરિણામે એ આનંદ શોકમાં પલટાઇ જશે. તને તારા કુકર્મનો દંડ જરૂર મળશે, તારી બુદ્ધિ એટલી બધી ભ્રષ્ટ થઇ છે કે તું કુકર્મને સુકર્મ સમજે છે. પરંતુ પારકી સ્ત્રીને હરવા જેવું કુકર્મ બીજું કોઇ જ નથી એ તું ભૂલી જાય છે. તું મને ધરતીના ગમે તે ભાગમાં લઇ જઇશ તો પણ રામ અને લક્ષ્મણ તને શોધી કાઢશે, મને પાછી મેળવશે, અને તારો સંહાર કરશે.

હવે ગણ્યાગાંઠયા દિવસોમાં જ તારો કાળ આવી પહોંચ્યો સમજ. તું મને તારી પટરાણી બનાવવા માગે છે, પણ તારી બધી જ યોજના ધૂળમાં મળશે. તારી ભીતિ, દમદાટી, યંત્રણા, લાલચ યુક્તિપ્રયુક્તિ ને બળજબરી નકામી જશે. જે સીતા રામની છે તે કદાપિ તારી નહિ થઇ શકે. તું મને તારી કરવાની આશા રાખતો હોય તો એ આશા સદાને માટે છોડી દે, ને તારા જીવનની સલામતી માટે મને રામને સુપ્રત કર.'

રાવણે અટ્ટહાસ્ય કરીને કહ્યું : 'એવી આશા સ્વપ્ને પણ ના રાખતી. તારી આશા સફળ નહિ થઇ શકે. તું મને વરસો પછી માંડ માંડ મળી છે અને હવે તને છોડી દઉં? એ વાત તો કદી પણ નથી બનવાની. તારી ઇચ્છા મારી થવાની નથી પરંતુ હજુ મારું સામ્રાજ્ય તો જો! મારો વૈભવ તથા વિલાસ જોઇને તારું મન પલટાઇ જશે ને મારું થશે તેની મને ખાતરી છે. તને મારી બનીને રહેવામાં જીવનનું પરમ સુ ખ અને સાર્થક્ય લાગશે.'

સીતાએ કહ્યું. 'એવું કદાપિ નથી થવાનું. તારો વૈભવ અને વિલાસ ગમે તેટલો અસાધારણ હશે તો પણ તે મને જરા પણ પ્રભાવિત નહિ કરી શકે. તારાથી પતિવ્રતા સ્ત્રીઓની પવિત્રતાની કલ્પના પણ નહિ કરી શકાય.

એ પવિત્રતા વૈભવ, વિલાસ, પ્રલોભન કે ધાકધમકીથી નષ્ટ નથી થઈ શકતી. જો નષ્ટ થઈ શકતી હોત તો તેને પવિત્રતાનું સુંદર નામ ના આપી શકાય. મને પલટાવવાના તારા બધા જ પ્રયાસો માટીમાં મળશે એની ખાતરી રાખજે.'

પરંતુ રાવણ એમ નિરાશ થાય એવો ક્યાં હતો? એ તરત બોલ્યો : 'છતાં પણ તને પ્રસન્ન કરવા માટે બનતા પ્રયત્નો કર્યા કરીશ, એ પણ એટલું જ નક્કી છે. અને એક વાતની ખાતરી રાખજે તું પોતે મારી થવા તૈયાર નહિ થાય ત્યાંસુધી હું તારા પર આક્રમણ નહિ કરું. હું તને વિચારવાનો ને તારા વિચારોને બદલવાનો પૂરતો વખત આપીશ. તું જેટલો ધારતી હોઈશ એટલો ખરાબ તો હું નથી જ.'

'તું એથીયે વધારે ખરાબ લાગે છે, નહિ તો મારાં આંસુ અને આક્રંદથી તારું અંતર પીગળી ગયું હોત. આ તો તારું રુંવાડું યે નથી હાલતું. મને એકલી અથવા અસહાય સમજીને લઈ જવામાં તને ગૌરવનો અનુભવ થઈ રહ્યો છે. તારું પરાક્રમ એવું પોકળ છે. છતાં એની બડાઈ હાંકતાં તને જરા પણ શરમ નથી આવતી એ આશ્ચર્ય છે.'

સીતાનું આક્રંદ ચાલુ જ હતું. પરંતુ રાવણના હૃદયને એ લગાર પણ સ્પર્શી કે હલાવી ના શક્યું. રાવણની પ્રસન્નતાનો પાર ન હતો. જુદા જુદા વનપ્રદેશો, જળપ્રવાહો. અને બીજા વિસ્તારોને જોતી સીતા આગળ વધતી હતી, પરંતુ એનું મન અત્યંત ઉદાસ હતું. રામની મધુમય મૂર્તિ એની આંખ આગળથી એક ક્ષણ માટે પણ નહોતી હઠતી.

(ક્રમશઃ)

# શ્રી નારાયણભાઈને માર્ગદર્શન.

નોકરીને જો નોકરી તરીકે સ્વીકારી કરવામાં આવે તો તે બાધક બને છે. જીવનની પૂર્ણતાની જે મહાન સાધના છે ને જેને માટે જ વાસ્તવિક રીતે આ જીવન છે, તેના એક અંગ તરીકે સાધનસંપન્ન સાધકને પણ શરીર નિર્વાહની તો જરૂર રહેવાની; ને તે માટે તેણે જ્યાં સુધી સંસારમાં છે—ગૃહસ્થરૂપે છે, ત્યાં સુધી તો કોઈ ને કોઈ પ્રવૃત્તિ ચલાવવી જ પડવાની; કબીર, રૈદાસ જેવા મહાન સંત પુરુષો પણ જીવનનિર્વાહ માટે ભક્તિની સાથે સાથે સામાન્ય કામકાજ પણ કરતા. ફક્ત તેમનાં ચિત્ત આઠે પહોર ઈશ્વરના ચરણોમાં આસ્વાદ લેવામાં અનુરક્ત હતાં, ને તેથી જ બાહ્યપ્રવૃત્તિ તેમને માટે બાધક નહોતી થતી; કિન્તુ તે કામકાજની સામાન્ય વૃત્તિ મટીને યજ્ઞકાર્ય થઈ જતી. હા, જીવનનિર્વાહના એક જરૂરી અંગ તરીકે એવા કારણને સ્વીકારવું જોઈએ.

એવું કાર્ય લેવું જોઈએ કે જે કેવલ આર્થિક લાભવાળું જ નહિ, પરંતુ મન તથા આત્માના વિકાસમાં પણ મદદ કરનારું હોય. દરેકને માટે વિકાસના રાહ વિવિધ હોય છે. તારો વિકાસ કોઈપણ પરિસ્થિતિમાં થવા સર્જાયેલો છે, કેમકે પૂર્ણ વિકાસને માટે જ તારું જીવન છે. એટલે નોકરી જેવી બાહ્ય પ્રવૃત્તિને એક આવશ્યકતા માનીને સ્વીકારી લેવી.

પૂ. શ્રી યોગેશ્વરજીના તા. ૧૭ જુલાઈ, ૪૫ ના પત્રમાંથી-હિમાલયના પત્રો)

# જ્ઞાન અને વિજ્ઞાન વચ્ચેનો તફાવત

જ્ઞાન અને વિજ્ઞાન બન્ને શબ્દોનો પ્રયોગ એવી રીતે ગીતા તથા ઉપનિષદે પોતાની આગવી શૈલીમાં કરી બતાવ્યો છે. એક જ્ઞાન છે અને બીજું વિજ્ઞાન—એટલે કે વિશેષ જ્ઞાન છે. વિશેષ જ્ઞાન એટલે અનુભવસિદ્ધ જ્ઞાન, માણસ સ્વતંત્ર ચિંતન—મનન તથા શાસ્ત્રાધ્યનને પરિણામે જે જ્ઞાન મેળવે છે તેને કેવળ જ્ઞાન કહેવામાં આવે છે. એને એક પ્રકારની બૌદ્ધિક માહિતી, પંડિતાઈ કે વિદ્વત્તા પણ કહી શકાય.

એ જ્ઞાન બુદ્ધિ અથવા મગજમાં કેદ થઈ રહેવાને બદલે જીવનના વ્યવહારમાં સાકાર બને અથવા માણસના રોજબરોજના અનુભવનું અવિભાજ્ય અંગ બને, એના લોહીમાં, ધમનીના ધબકારમાં કે શ્વાસોશ્વાસમાં ભળી જાય અને જીવન સાથે સંમિશ્રિત થાય ત્યારે વિજ્ઞાન બને છે. વિજ્ઞાન એટલે સાક્ષાત્કાર કરાયેલું અનુભવસિદ્ધ જ્ઞાન. એ બંનેમાં આસમાન—જમીનનો તફાવત છે. જો માણસ જ્ઞાન મેળવીને અટકી જાય અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ નથી કરતો તો તેને જરૂરી શાન્તિ નથી મળતી. એના જીવનમાં સંવાદિતાની સ્થાપના નથી થતી, એ સાચા સુખ કે આનંદનો અનુભવ નથી કરી શકતો.

— મહાત્મા યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.